શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમ

પ્રથમ વર્ષ

C/o. શ્રી વીરબાઈ પાઠશાળા, નાની શાક માર્કેટ પાસે, પાલીતાણા-૩૬૪૨૭૦

[સમ્યગ્જ્ઞાન પ્રવેશિકા] અભ્યાસ- ૩

**શુભાશીર્વાદ :** તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ, પ. પૂ. આ. ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.
**દિવ્ય-કૃપા :** આગમ આરાધિકા, બા.બ્ર.પ. પૂ. સા. **શ્રી મુક્તિશ્રીજી** મ.સા.,
શાસન પ્રભાવિકા પ. પૂ. સા. **શ્રી જયલક્ષ્મીશ્રીજી** મ.સા.
**માર્ગદર્શિકા-પ્રેરીકા : સા. જયદર્શિતાશ્રીજી** M.sc., Ph.D.

*સૌજન્ય :* **અ.સૌ. પ્રેમિલાબાઈ પ્રમોદ મોમાયા. કચ્છ સાંયરા. હાલ : ઘાટકોપર**

# સૂત્ર - વિધિ અને રહસ્ય

## ચૈત્ય વંદન વિધિ

જિનેશ્વર પ્રભુનાં દર્શન કરનાર શ્રાવકોએ દશ ત્રિક અવશ્ય ધારણ કરવી જોઈએ; તેનાથી દર્શનશુદ્ધિ થાય છે. ત્રણ વખત કરાતી આરાધના ત્રિક કહેવાય છે.

### દશ ત્રિક

### (૧) નિસ્સીહિ ત્રિક :-

(૧) દેરાસરમાં પ્રભુનાં દર્શન કરવા જતી વેળાએ ઘર સંબંધી સર્વ પ્રકારના સાવદ્ય વ્યાપારનો ત્યાગ કરવો, તેને પહેલી 'નિસ્સીહિ' કહેવામાં આવે છે. (૨) મનમાં પ્રભુનાં દર્શન કરવાની જ દઢ

ભાવના સહિત માર્ગમાં યતનાપૂર્વક ચાલવું, તથા જિનમંદિરને જોઇને હવે પછી જેનું આગળ વર્ણન કરવામાં આવશે એવા પાંચ અભિગમ સાચવવાપૂર્વક જિનમંદિરનાં પગથિયાં પર પગ મૂકતાં ઘર સંબંધી તથા માર્ગગમન સંબંધી વ્યાપારનો ત્યાગ કરવો, તે બીજી 'નિસ્સીહિ' જાણવી. (૩) પ્રભુની સત્તર ભેદે દ્રવ્ય પૂજા કર્યા બાદ ભાવ પૂજા કરતાં પહેલાં ત્રીજી 'નિસ્સીહિ' કહીને ચૈત્યવંદન કરવું.

### (૨) પ્રદક્ષિણા ત્રિક :-

જ્ઞાન, દર્શન તથા ચારિત્રની આરાધના રૂપ જિનમંદિરને ફરતી ત્રણ પ્રદક્ષિણા દેવી.

(૧) પહેલી પ્રદક્ષિણા દેતી વખતે જિનમંદિરની ભૂમિની તપાસ કરવી, અને તે પર હવે પછી આગળ વર્ણન કરવા મુજબ ચોર્યાસી અથવા દશ આશાતનાઓમાંથી જે કાંઇ આશાતના કે અશુચિ પદાર્થ હોય તે દૂર કરાવવો. (૨) બીજી પ્રદક્ષિણાદેતી વખતે જિનમંદિરના પાયાથી માંડી કળશ પર્યંત તપાસી જોવું, અને તેમાં જો કંઇ ભાંગતૂટ જેવું જણાય, તો તે સુધારવા માટે તજવીજ કરાવવી. (૩) ત્રીજી પ્રદક્ષિણા દેતી વેળા જિનમંદિર રૂપી સ્થાવર તીર્થના ગુણો હૃદયમાં સંભારી જવા.

### (૩) પ્રણામ ત્રિક :-

જિનમંદિરમાં ત્રણ પ્રદક્ષિણા દીધા બાદ જિનપ્રતિમાની સન્મુખ આવી બંને હાથ જોડી મસ્તક નમાવી ત્રણ વખત પ્રણામ કરવાં.

### (૪) પૂજા ત્રિક :-

પૂજા ત્રણ પ્રકારની છે : (૧) અંગ પૂજા, (૨) અગ્ર પૂજા, અને (૩) ભાવ પૂજા. (૧) પ્રભુના અંગ પર શુદ્ધ જળ, ચંદન, વસ્ત્રયુગલ, પુષ્પ, વાસચૂર્ણ તથા આભૂષણ ચડાવવાં, તે અંગ પૂજા. (૨) પ્રભુ આગળ ધૂપ દીપ કરવો, અખંડ અક્ષત ફળ-નૈવેદ્ય મૂકવા તથા અષ્ટમંગલ આલેખવાં, તે અગ્ર પૂજા.(૩) પ્રભુના ગુણગાન પૂર્વક વિધિ સહિત ચૈત્યવંદન કરવું, તે ભાવ પૂજા.

### (૫) અવસ્થા ત્રિક :-

(૧) જળ, ચંદન, પુષ્પ, વસ્ત્ર વગેરેથી પ્રભુની પૂજા કરતી વખતે તેમની જન્મ વખતે મેરુપર્વત ઉપર ઇંદ્રોએ કરેલી 'સ્નાત્ર અવસ્થા' ભાવવી. (૨) મુકુટ આદિ આભૂષણ ચડાવતી વેળા 'રાજ અવસ્થા' ભાવવી. (૩) ચૈત્યવંદન કરવા રૂપ ભાવ પૂજા કરતી વેળા 'સિદ્ધ અવસ્થા' ભાવવી.

### (૬) દિક્ત્રય નિરીક્ષણ વર્જન ત્રિક :-

બીજા સર્વ વિચારો દૂર કરી એકાગ્ર ચિત્તથી, બન્ને હાથ જોડી, મસ્તકે લગાડી, મધુર વચનોથી પ્રભુના ગુણોનું સ્તવન બોલતી વખતે ફક્ત પ્રભુની પ્રતિમા સન્મુખ જ જોવું અને બાકીની ત્રણ દિશાઓ તરફ જોવું નહિં, કેમ કે તેમ કરવાથી અનાદર થાય છે.

### (૭) ભૂમિ પ્રમાર્જન ત્રિક :-

પ્રભુની દ્રવ્ય પૂજા કર્યા બાદ શ્રાવક અને શ્રાવિકાએ ભાવ પૂજા એટલે ચૈત્યવંદન કરતી વખતે જીવયત્નાપૂર્વક ભૂમિને દૃષ્ટિથી જોઇ ઉત્તરાસંગના છેડાથી અથવા રૂમાલથી ત્રણ વખત ભૂમિ પ્રમાર્જન કર્યા બાદ ખમાસમણાં દઇ ચૈત્યવંદન કરવું.

### (૮) વર્ણ ત્રિક :-

(૧) ચૈત્યવંદન કરતી વેળા ભગવંતના ગુણગાન રૂપ શ્લોક, કાવ્ય વગેરેનો અકાર, કકાર આદિ અક્ષરોનો શુદ્ધ ઉચ્ચાર કરવો, તે 'વર્ણાલંબન.' (૨) શ્લોકો અથવા કાવ્યોના અર્થ કહેવા, તે 'અર્થાલંબન.'. (૩) સૂત્ર અને અર્થ બંનેનો ઉચ્ચાર કરવો, તે 'આલંબનાલંબન.'

### (૯) મુદ્રા ત્રિક :-

મુદ્રા ત્રણ પ્રકારની છે : (૧) યોગ મુદ્રા, (૨) જિન મુદ્રા, (૩) મુક્તા શુક્તિ મુદ્રા. (૧) બન્ને હાથની દશે આંગળીઓને અંદરોઅંદર લગાડીને કમળના ડોડા જેવો આકાર કરવાથી તથા બન્ને ભુજાઓની કોણીઓને પેટ .પર ટેકાવી રાખવાથી 'યોગમુદ્રા' થાય છે. (૨) ચૈત્યવંદન કર્યા બાદ 'સવ્વ લોએ'નો પાઠ કહી કાઉસ્સગ્ગ કરતી વેળા ઊભા થઇ બન્ને પગ સરખા રાખી વચ્ચે ચાર આંગળનું અંતર રાખવું, અને બન્ને પાનીઓની વચ્ચે તેથી કંઇક ઓછું અંતર રાખવાથી 'જિનમુદ્રા' થાય છે. (૩) ચૈત્યવંદનમાં 'જય વીયરાય' કહેતી વેળા બન્ને હાથ ભેગા કરવા, અને હથેળી સાથે હથેળીને નહીં લગાડતાં પોલા રાખવા. ફક્ત બન્ને હથેળીઓના થડના ભાગો તથા આંગળાની ટોચો એકબીજા સાથે લગાડી, ઉલ્લાસપૂર્વક તે જોડેલા હાથે 'જય વીયરાય' કહેવાથી 'મુક્તાશુક્તિ મુદ્રા' થાય છે.

### (૧૦) પ્રણિધાન ત્રિક :-

(૧૦) ચૈત્યવંદન કરતી વખતે શરીરનો અશુભ વ્યાપાર તજીને કરકમળ જોડીને રહેવું. (૨) મનમાં અચિંત્ય ચિંતામણિ સમાન પ્રભુને સ્થાપવા. (૩) મુખથી મધુર વચનોથી મનોહર ગાયન રૂપ પ્રભુના ગુણોની સ્તવના કરવી.

### પાંચ પ્રકારના અભિગમો

જિનમંદિરમાં દાખલ થતી વખતે આ પ્રમાણેની પોતાને ઉપયોગમાં આવતી ચાર વસ્તુઓનો ત્યાગ કરવો; (૧) છત્ર, (૨) ચામર, (૩) મુકુટ, (૪) પુષ્પોની માળા આદિક સચિત્ત પદાર્થો. (૫) પાંચમો 'એકસાડી ઉત્તરાસંગ,' એટલે બન્ને બાજુએ છેડાવાળો, અખંડ તથા એક પનાવાળો, કે જેનો એક છેડો જમણી બાજુની ભુજા નીચે થઇને ડાબા ખભા ઉપર આગળના ભાગમાં લંબાયેલો રહે, તથા બીજો છેડો પાછળના ભાગમાં લંબાયેલો રહે એ રીતે રાખવો. આગલો છેડો પોતાના બન્ને હાથમાં રાખી જિનમંદિરમાં પ્રવેશ કરતાં જ પ્રભુજીને દૂરથી જોઇ, તે છેડા સહિત હાથ જોડી પ્રણામ કરવું. પછી મુખ આગળ છેડો રાખી 'નમો જિણાણં' કહેવું.

## જિનમંદિરની દશ મુખ્ય આશાતના

(૧) જિન મંદિરમાં પાન સોપારી આદિ ખાવા.

(૨) જિન મંદિરમાં પાણી પીવું.

(૩) જિન મંદિરમાં ભોજન કરવું.

(૪) જિન મંદિરમાં પગરખાં પહેરવા.

(૫) જિન મંદિરમાં સ્ત્રી સાથે મૈથુન સેવવું.

(૬) જિન મંદિરમાં શયન કરવું.

(૭) જિન મંદિરમાં થુકવું.

(૮) જિન મંદિરમાં લઘુનીતિ (પેશાબ) કરવો.

(૯) જિન મંદિરમાં વડિ નીતિ (સંડાસ) કરવી.

(૧૦) જિન મંદિરમાં જુગાર રમવો.

### સાત શુદ્ધિઓ

દ્રવ્ય પૂજા 'સાત શુદ્ધિઓ' સાચવીને વિધિપૂર્વક કરવી જોઇએ. તે આ પ્રમાણે છે :

**૧. અંગશુદ્ધિ :** માપસર, થોડાં પાણીથી સ્નાન કરી શરીર શુદ્ધ કરવું.

**૨. વસ્ત્રશુદ્ધિ :** પુરુષોએ બે અને સ્ત્રીઓએ ત્રણ સ્વચ્છ વસ્ત્રો પહેરવાં,

**૩. મનશુદ્ધિ :** સ્થિર મનથી પૂજા કરવી.

**૪. ભૂમિશુદ્ધિ :** દહેરાસરમાંથી કાજો, કચરો દૂર કર્યા પછી બધી ક્રિયાઓ કરવી.

**૫. ઉપકરણશુદ્ધિ :** દર્શન–પૂજન માટે સ્થાયી રાખેલાં ઉપકરણો–કળશ, ધૂપધાણું, ફાનસ, અંગલૂછણાં, થાળ, રકાબી, વાટકી, વગેરે તથા પૂજન માટે લાવેલાં ઉપકરણો–ચંદન, કેસર, ફૂલ, ધૂપ, અક્ષતાદિ ચોખ્ખાં–સ્વચ્છ રાખવાં.

**૬. દ્રવ્યશુદ્ધિ :** જિનપૂજામાં વપરાતું દ્રવ્ય ન્યાયથી ઉપાર્જન કરેલું વાપરવું.

**૭. વિધિશુદ્ધિ :** પૂજા પ્રસંગનાં સર્વ દ્રવ્યો અને સ્તુતિ–સ્તવનાથી જિનપૂજન શુદ્ધતાપૂર્વક કરવું.

પૂજા કરનારે ઉપરની સાત શુદ્ધિઓ સાચવવી. પછી પોતાના કપાળમાં, ગળે, છાતીએ અને નાભિએ એમ ચાર તિલક કરવાં, પછી પૂજા કરવી. હાલ ફક્ત કપાળમાં તિલક કરવાનો વ્યવહાર છે.

## જિન સ્તુતિ

**હૈયે વસેલા નાથ તારી અજબ સુંદર મૂર્તિ,**
**જોયા કરું અનિમેષ નયને તોય તૃપ્તિ ના થતી;**
**વસવાં મળે જન્મોજન્મ આપના ચરણો મહીં,**
**એથી વધુ ઓ નાથ ! હું માગું બીજું કશું એ નહીં.**

# ગુણોનો બાગ

સુગંધ સહુને પ્રિય છે...

સદ્ગુણ સહુને ગમે છે... દુર્ગુણ કોઇને ગમતા નથી....

સદ્ગુણી સહુનો પ્રેમ પાત્ર બને છે જયારે દુર્ગુણી ઠેર –ઠેર તિરસ્કાર પામે છે.... કોઇને ગમતો નથી....

આપણે કેવા બનવું છે ? જીવનને ગુણોથી શણગારવું છે કે જેમ તેમ કરીને મળેલું જીવન પુરું કરવું છે.

જેને જીવનને સુંદર બનાવવું હોય એને જીવનમાં ગુણોને કેળવ્યા વગર નહીં ચાલે. જીવનને બાગ બનાવવો પડશે. આપણે સ્વયં એના માળી બનવું પડશે. જીવન બાગને સ્વચ્છ બનાવી એમાં શોધી શોધીને સુંદર ગુણોના છોડ વાવવા પડશે. આ છોડને સંભાળવા પડશે... સાચવવા પડશે... ઉછેરવા પડશે...

સન્માર્ગના પથિક બનવા માટે મહાપુરુષોએ માર્ગાનુસારીના પાંત્રીસ ગુણોની અદ્ભૂત વાત જણાવી છે. આ ગુણોના પાથેય વિના સન્માર્ગના પથિક બનવું સંભવતું નથી. કદાચ આ પાથેય વિના સન્માર્ગે પ્રયાણ પણ કરી દઇએ તો એ માર્ગે આગળ વધવું અને ટકવું આપણા માટે મુશ્કેલ બની જાય. મંઝિલને પામવાની શક્યતામાં શંકા ઉભી થાય.

ના, આપણે તો હવે સન્માર્ગે સડસડાટ ચાલ્યા જવું છે. હવે આપણને ક્યાંય અટકવું કે અથડાવું પાલવે એમ નથી. ઘણા ઘણા ભવો અજ્ઞાનતામાં બગાડી નાખ્યા. હવે તો સફળતા અને સિદ્ધિ સિવાય કાંઇજ ખપતું નથી... જો એમ જ છે તો ચાલો માર્ગાનુસારીના ગુણો મેળવવા પુરૂષાર્થ આદરીએ. એમને આદરતા પહેલાં આ ગુણોને બરાબર સમજી લઇએ એમની આવશ્યકતા વિચારી લઇએ. અઢાર ગુણોની વિચારણા કર્યા પછી અહીં પ્રસ્તુત છે ઓગણીસથી પાંત્રીસ ગુણોનો સંક્ષિપ્ત પરિચય...

### ૧૯. અદેશ કાળચર્યાનો ત્યાગ.

અદેશ એટલે આર્યતાના સંસ્કારો રહિત દેશ. જે ક્ષેત્રમાં હિંસા, અસત્ય, ચોરી, લુંટ, દુરાચાર આદિ દુર્ગુણોનું જ વર્ચસ્વ હોય છે. ધર્મ દયા અહિંસા આદિ ગુણોની કિંમત જ ન હોય. આ બધા અદેશ કહેવાય છે.

અકાળ એટલે અયોગ્ય કાળ. જે કાર્ય જે કાળે કરવાથી લાભ થવાને બદલે નુકસાની થાય તે અયોગ્ય કાળ અકાળ કહેવાય છે.

મહાપુરુષોએ આપણા આત્માની... આપણા આલોક પરલોકને સુખ શાંતિમય બનાવવા કેટલી ચિંતા કરી છે ?

હિંસા... દુરાચારનું વાતાવરણ આપણને હિંસક–દુરાચારી ધર્મ વિરોધી ન બનાવે... આપણા આત્માને પાપથી ભારે ન કરે... દુઃખ અને દુર્ગતિમાં ન સબડાવે એ માટે જ એમણે અદેશનો ત્યાગ કરવાની વાત જણાવી.

અયોગ્ય કાળે રખડવાની આદત આપણા જીવનમાં દારુ... જુગાર... ચોરી... પરસ્ત્રી ગમન જેવા વ્યસનો અને પાપો લાવી શકે છે. આપણા શીલ સદાચારને લુંટી શકે છે. આપણા માલ–મિલ્કત અને શરીરાદિને નુકસાન પહોંચાડી શકે છે. એ માટે જ સાવધાન બની અકાળ ચર્યાનો ત્યાગ જરૂરી છે.

### ગુણ-૨૦. પાપ ભીરુતા :-

પાપોના ઢગલાની વચ્ચે બેઠેલો માનવી

પાપથી ક્યારે બચી શકે ? સહજ જવાબ છે... જયારે એની પાસે પાપભીરુતા હોય ત્યારે પાપ ભીરુતા એટલે પાપનો ભય. જેને પાપનો ભય જ નથી એ મજાથી પાપોની વચ્ચે બેસી શકે છે અને મજેથી પાપો કરી શકે છે. પણ જેના જીવનમાં પાપનો ભય પેસી ગયો છે એ સદા પોતાની જાતને પાપોથી દૂર જ રાખવા પ્રયત્ન કરશે. કાલસૌરીક કસાઇના દિકરા સુલસે બાપના જીવનને જોયું હતું. બાપે કેવા પાપ કર્યા હતા ? અને એને કેવા પાપના ફળ ભોગવવા પડ્યા હતા ? એ વાત જાણ્યા પછી એ પાપથી ભય પામ્યો હતો. ''ના, મારે હવે આવા પાપ કરવા નથી... એના કટુ પરિણામ ભોગવવા નથી.'' એમ કહીને એણે બાપદાદાથી ચાલ્યો આવતો કસાઇનો ધંધો છોડી દીધો હતો.

મળી ગયેલા મોંઘેરા માનવ ભવને સફળ બનાવવાનો શ્રેષ્ઠ ઉપાય છે જીવનમાં ''પાપભીરુતા''ના ગુણને મજબૂત બનાવવાનો. જયારે જયારે પણ પાપ સેવનની સંભાવના જણાય ત્યારે ત્યારે જાતને પ્રશ્ન કરજો' હું પ્રભુ મહાવીરનો વારસદાર છું. મારાથી આ પાપ થાય ?'' જો આવું પાપ કરીશ તો ભવાંતરમાં મારૂં શું થશે ?'' આપણે ઘણા બધા પાપોથી બચી જઇશું જીવન નિર્મળ બની જશે.

## ગુણ-૨૧. લજ્જા

લજ્જા એટલે લાજ, શરમ, મર્યાદા, દાક્ષિણ્યતા.

સજ્જન ને દુર્જન બનતા અટકાવવાની અને એની સજ્જનતાને ટકાવી રાખવાની જબરજસ્ત તાકાત આ લજ્જાના ગુણમાં છે. આજે દુનિયા ઉપર... સમાજ ઉપર એક નજર નાંખતા ખ્યાલ આવે છે કે આપણી દુર્દશાના મૂળિયા આપણે ગુમાવેલી લજ્જા તરફ આંગળી ચિંધે છે.

આજે આપણે જયાં ત્યાં અને જયારે ત્યારે રખડવામાં... સિનેમા, નાટકો જોવામાં... બિભત્સ સાહિત્ય વાંચવામાં... અયોગ્ય વસ્ત્ર ધારણ કરવામાં દુર્જનો સાથે સબંધો બાંધવામાં... હલકી ભાષા બોલવામાં લજ્જાને નેવે મુકી દીધી છે. નિર્લજ્જ બન્યા છીએ. જયારે ભગવાનની પૂજા કરવામાં... ગુરુઓને વંદન કરવામાં... ઉપકારી માતા-પિતાને નમસ્કાર કરવામાં... સાધર્મિકોની ભક્તિ કરવામાં આપણને લજ્જા આવે છે.

સત્કાર્યો ઉલ્લાસ ભાવે કરવાના છે. અયોગ્ય કાર્યો કરતાં લાજવાનું છે. ચાલો, આજથી આપણી ભૂલને સુધારી સુયોગ્ય લજ્જાને જીવનમાં ધારણ કરી અયોગ્ય કાર્યોને ત્યાગી સુકૃતોના ઉપાસક બનીએ.

## ગુણ-૨૨. સૌમ્યતા

ગુલાબને સહુ ચાહે છે જયારે કાંટાઓથી બધા દૂર ભાગે છે. કારણ ? ગુલાબની પાસે કોમળતા છે... કાટાઓની પાસે કઠોરતા છે. ગુલાબની કોમળતા એની સુંદરતામાં વધારો કરી સહુને આકર્ષે છે. બસ ! એવું જ છે માનવીની બાબતમાં. જેના હૃદયમાં કોમળતા છે એના મુખ ઉપર સૌમ્યતાના દર્શન થયા વગર નથી રહેતા. જેના મુખ ઉપર સૌમ્યતા છે એની પાસે સહુ આવવા-બેસવા-બે વાતો કરવામાં આનંદ માને છે અને પામે છે. પણ જેના હૃદયમાં કઠોરતા છે એના ચહેરા ઉપર અસૌમ્યતા કબજો જમાવી લે છે... આવી વ્યક્તિની બાજુમાં જવા કોઇ તૈયાર થતું નથી તો બેસવા કે બોલવાનો સંભવ જ ક્યાંથી હોય ?.

તમારા સ્વભાવમાંથી અહંકાર કાઢી નમ્રતા ધારણ કરો... વચનમાંથી કટૂતા કાઢી મધુરતા ધારણ કરો... ક્રોધ-ઈર્ષ્યા અને સ્વાર્થને દૂર કરી ક્ષમા-મૈત્રી-નિસ્વાર્થતાદિને સ્થિર કરો... તમને તમારા જીવનમાં આવેલા પરિવર્તનનો ખ્યાલ આવ્યા વિના નહીં રહે...

સદા આનંદમય અને પ્રસન્નતામય

વાતાવરણનું સર્જન કરવાસૌમ્યતાને સાધ્યાવિના નહીં ચાલે.

### ગુણ-૨૩. લોકપ્રિયતા

માનવ સમાજ પ્રિય પ્રાણી છે. એ સમાજની વચ્ચે રહેવાનું પસંદ કરે છે. આપણે જે સમાજના જે માનવીઓની વચ્ચે રહિએ છીએ એમાં પ્રિય છીએ કે અપ્રિય છીએ ? આ વાત ઘણી મહત્વની છે. લોકપ્રિયતા... સમાજ પ્રિયતા કે પરિવાર પ્રિયતા મેળવવા કેટલાક ગુણો ને ચોક્કસ કેળવવા પડે છે. લોકવિરુદ્ધના ત્યાગની સાથે દાન-વિનય -શીલ જેવાં સદ્ગુણોની પ્રાપ્તિ માનવીને લોકપ્રિયતાના શિખરે પહોંચાડવામાં સહાયક બને છે.

માંસ, મદિરા, જુગાર, શિકાર, ચોરી, પરસ્ત્રીગમન અને વેશ્યાગમન જેવા સાત મહાવ્યસન વ્યક્તિને ક્યારેય પ્રશંસનિય સ્થાન અપાવી શકતા નથી. પણ સર્વ સદ્ગુણો હોવા છતાં ઉપરોક્ત વ્યસનમાંથી એકાદ પણ વ્યસન જીવનમાં હોય તો વ્યક્તિ લોકપ્રિયતા પામી શકતો નથી. વ્યસનોની સાથે નિંદા-વિકથાની પ્રવૃત્તિ પણ માનવીને સહુના હૃદયમાં સ્થાન મેળવવા દેતા નથી. આવી સર્વ પ્રવૃત્તિનો ત્યાગ જીવનમાં હોવો જ જોઇએ.

આ ત્યાગની સાથે જયારે ઉદારદીલ હોય... સહુને સંભાળી લેવાની-સાચવી લેવાની ભાવના હોય... સહુના દુઃખમાં સહભાગી બની પડખે ઉભા રહેવાની પ્રવૃત્તિ હોય... વિનય નમ્રતા ભરપૂર વ્યવહાર હોય. અને શીલ-સદાચારમય જીવન હોય પછી લોકપ્રિયતા સ્વયંમેવ પ્રાપ્ત થઇ જાય છે... એને મેળવવા ક્યાંય જવું પડતું નથી. કોઇ પ્રયાસ કરવો પડતો નથી.

### ગુણ-૨૪. દીર્ઘદૃષ્ટિ

આપણે કોઇ પણ કાર્ય કરવા તૈયાર થઇએ એનાથી પહેલા લાભાલાભનો વિચાર કરવો જોઇએ. કાર્યના અંતિમ પરિણામનો વિચાર કરવો જોઇએ. લાંબે ગાળે પણ થતાં લાભ-ગેરલાભની વિચારણા કરવી જોઇએ અને જો લાભ કરતા હાનિ વધારે દેખાય તો એવા કાર્યનો સત્વરે ત્યાગ કરવો જોઇએ. આ દીર્ઘદૃષ્ટિ કહેવાય.

જેની પાસે દીર્ઘદૃષ્ટિ છે એની નજર ફક્ત લાભ ઉપર સ્થિર નથી થતી એને ગેરલાભ પણ સમજાય છે. એની ગણત્રીમાં ફક્ત વર્તમાનને જ પ્રાધાન્ય નથી એ ભવિષ્યનો પણ વિચાર કરે છે.

ધંધામાં અનીતિ કરવાથી તાત્કાલીક લાભ થશે પણ પરિણામે હાનિ છે...

મિત્ર સાથે વિશ્વાસઘાત કરવાથી વર્તમાનમાં ફાયદો દેખાશે પણ સરવાળે નુકસાન છે...

વિષયસુખોનાં ભોગવટામાં સામે સુખ દેખાય છે પણ અંતે દુઃખ જ છે...

આ બધી વાતો દીર્ઘદૃષ્ટિ વિના સમજાતી નથી. દીર્ઘદૃષ્ટિવાળી વ્યક્તિ ક્યારેય પાપકારી કાર્યોમાં પ્રવૃત્તિ કરતો નથી. પાપોથી જાતને બચાવવાની સુંદર આવડત દીર્ઘદૃષ્ટિના ગુણમાં સમાયેલી છે.

### ગુણ-૨૫. બલાબલની વિચારણા

સત્તા હોય કે સંપત્તિ... બળ હોય કે બુદ્ધિ... તપ હોય કે ત્યાગ... વ્રત હોય કે પચ્ચક્ખાણ...

આપણી શક્તિનું માપ કાઢી... તાકાતનો વિચાર કરી પછી જ જો કાર્ય કરવામાં આવે તો કાર્ય અધવચ્ચે અટકતું નથી. વચ્ચે મુકી દેવું પડતું નથી અને ક્યારેય પસ્તાવું પડતું નથી.

ડૉકટર બનવાની શક્તિ ન હોય ને અધવચ્ચે ભણતર છોડવું પડે... તો વરસ બગડે... સંપત્તિ ન હોય છતાં કરજ કરીને વટપાડવા જઇએ તો પસ્તાવું પડે. તપ માટે શરીરની શક્તિ વિચાર્યા વગર ઝુકાવે તો અસમાધિમાં પડ્યા વગર ન રહે.

દરેક ક્ષેત્રમાં પગલું ભરતાં પહેલાં બલાબલની વિચારણા કરવી આવશ્યક છે.

આજે સમાજમાં જે અશાંતિ અને અસમાધિ દેખાય છે એની પાછળ દેખાદેખીમાં તણાઇ જવાની અને ગજા બહાર પગલું ભરવાની આપણી પ્રવૃત્તિ છે.

**ગુણ-૨૬. વિશેષજ્ઞતા**

વિશેષ જાણવું અને વિવેકપૂર્વક વર્તવું એનું નામ વિશેષજ્ઞતા.. શું ખાવું...? શું ન ખાવું ? શું કરવું...? શું ન કરવું...? ક્યાં જવું...? કયાં ન જવું...? શું સાર...? શું અસાર...?

આ બધી બાબતોમાં જે યોગ્ય નિર્ણય લઇ શકે છે તે જ વિવેક પૂર્વકનું વર્તન કરી શકે છે. જેની પાસે આવો વિવેક નથી એનું જીવન ક્યારેય સુધરી શકતું નથી. ઉંચે ઉઠી શકતું નથી. વિશેષજ્ઞતાનો સ્વામી ક્યારેય ખોટે રસ્તે જતો નથી... દુર્જનો સાથે દોસ્તી જમાવતો નથી... અસદ્ વાંચન કે વર્તનનો ભોગ બનતો નથી. એતો નિર્મળ-પવિત્ર જીવનને જીવનારો હોય છે. વિવેક વિનાના સર્વ ગુણો એકડા વગરના મિંડા જેવા હોય છે. વિવેક વિનાનું જીવન પશુ સમાન બની જાય છે. એવા માનવ જીવનની કોઇ કિંમત નથી. પશુની પરીક્ષા દેહ ઉપરથી થાય છે. માનવની પરીક્ષા ગુણોથી થાય છે. માનવ જીવનના સાચા વિકાસ માટે... માનવ જીવનને ધન્ય અને સફળ બનાવવા વિવેકને અને વિશેષજ્ઞાનને મેળવવા અપ્રમત્ત બનીને પુરૂષાર્થ કરવો જોઇએ.

**ગુણ-૨૭. ગુણપક્ષપાત**

ધનવાન બનવાની જેને મહેચ્છા છે એ વ્યકિતને ધનને જોડવામાં રસ છે. પોતાની સંપત્તિના રક્ષણ સાથે બીજી વધારે સંપત્તિ તરફ જ લક્ષ્ય હોય છે. તેવી જ રીતે ગુણવાન બનવાની જેને મહેચ્છા છે એને ગુણોને જોડવામાં જ રસ છે પોતાના ગુણોના રક્ષણ સાથે વિશ્વમાંથી કયાંય એને ગુણ દેખાય તો તરત એને મેળવવા એ પુરૂષાર્થ આદરે છે. ગુણો તરફ એને જબરજસ્ત રાગ અને પક્ષપાત હોય છે. ગુણો પ્રત્યેનો રાગ... ગુણવાન પ્રત્યે રાગ પ્રગટાવ્યા વગર રહેતો નથી. ગુણો અને ગુણવાનો પ્રત્યેનો રાગ આપણને ગુણવાન બનાવીને જ રહે છે.

લાંબા કાળથી આપણે દોષોના ઢગલા ભેગા ક્ર્યા છે. આ દોષોના કારણે અનેક પાપો કરીને ભયંકર દુઃખો ભોગવ્યા છે. આ સર્વ દુઃખોનો અંત લાવવો હોય તો વહેલી તકે દોષોનો ત્યાગ કરવો પડશે. જેને દોષોનો ત્યાગ કરવો હશે એણે દોષોની ભયાનકતાને ઓળખવી પડશે. દોષો પ્રત્યે ધિક્કાર અને ગુણો પ્રત્યે પક્ષપાત કેળવવો પડશે.

**ગુણ-૨૮. કૃતજ્ઞતા**

આજે આપણે જે શાંતિ અને સરળતાથી જીવન જીવી રહ્યાં છીએ એની પાછળ અનેકાનેક આત્માઓના આપણી ઉપર ઉપકાર છે. ઉપકારીઓના ઉપકારની સ્મૃતિ અને પ્રતિ ઉપકાર કરવાની સદા તૈયારી એ કૃતજ્ઞતાનું લક્ષણ છે.

આજે આપણને વિશ્વમાં જે સ્થાન મળ્યું છે એની પાછળ માતાપિતાનો.. સ્વામીનો... અને ગુરૂજનોનો મોટો ઉપકાર છે. જન્મથી પહેલાં અને પછી માતા-પિતાએ જે માવજત કરી... સંસ્કારો આપ્યાં... આપણા માટે અનેક કષ્ટો વેઠીને આપણને ભણાવ્યા-ગણાવ્યા એ ઉપકારો આપણને યાદ છે ને ?

જે સ્વામીએ આપણને આજીવિકા મેળવવા ધંધા કે નોકરીના માર્ગે ચઢાવ્યા. એમાં કુશળતા અપાવી. એના માટેનું યોગ્ય માર્ગદર્શન આપી એની આંટીઘુટીઓ સમજાવી એ સ્વામી કે માલિકના ઉપકારનો બદલો વાળવાની તક મળે તો ઝડપી લેવા આપણી તૈયારી ખરીને ?

ધર્મનો મર્મ સમજાવી પાપથી પાછા હટાવ્યા... પુણ્યના કાર્યો કરવા પ્રેરણા આપી સંસારના સ્વરૂપની ઓળખાણ કરાવી સમાધિને ટકાવવાની જડીબુટ્ટી આપી... દુર્ગતિના દરવાજા બંધ કરાવી સદ્ગતિના દ્વાર ખોલી આપ્યા આવા ગુરુભગવંતો પ્રત્યે પૂજ્યભાવ ખરોને ?

આ સહુ ઉપકારીઓના ઉપકાર સતત નજર સામે રાખીને એમના પ્રત્યે પૂજ્યભાવ કેળવીને એમને સુખ-શાંતિ પમાડવા જે કરવું પડે તે કરી છુટવાની તૈયારી હશે તો આપણે કૃતજ્ઞતાના ગુણને પામ્યા છીએ એમ કહેવાશે. પણ જો એમ નહીં હોય ઉપકારીઓના ઉપકાર ભૂલીને આપણે એમને હેરાન પરેશાન કર્યા હશે... એમના અપમાન કરીને આપણો સ્વાર્થ સાધવાનો જ પ્રયત્ન કર્યો હશે તો આપણે કૃતઘ્ન બની જશું. આપણી પ્રગતિના દ્વાર બંધ થઇ જશે અને અધોગતિના દ્વાર સ્વયંમેવ ખુલી જશે.

**ગુણ-૨૯. પરોપકાર**

નદી પોતાનું પાણી પોતે જ પી નથી જતી બધાને આપે છે... વૃક્ષો પોતાના ફળો તો બીજાને આપે જ છે પણ ભયંકર તાપમાં પણ જીવોને શીળી છાંયડી આપે છે...

ગાય ઘાસ ખાઇને પણ મીઠું મધુર દુધ આપે છે...

વાદળ ખારું પાણી પી ને મીઠું જળ વર્ષાવે છે..

આપણે દુનિયાના જીવોને શું આપી છીએ ? પોતાના માટે તો પશુઓ પણ જીવે છે. પશુપંખીઓ પણ પોતાના માટે માળો... દર.. ગુફાદિ (ઘર) બનાવે છે. પોતાનું અને પરિવારનું પેટ ભરે છે... રક્ષણ કરે છે. માનવ બનીને આપણે પણ એવું જ કરીએ તો માનવ જીવનની મહાનતા શું ? આ જીવન આપણને પરોપકાર માટે મળ્યું છે. આ વાતને સતત નજર સમક્ષ રાખી પરોપકારની દરેક તકને ઝડપી લેવાની છે. શરીરને ઘસાવીને પરોપકાર થઇ શકે છે... પ્રેમના.. આશ્વાસનના... શાંતિના બે બોલ બોલીને પણ વચનથી પરોપકાર થઇ શકે છે. સર્વ જીવોના શુભ-મંગલની કામના કરી શુભ ભાવના દ્વારા પણ મનથી પરોપકાર થઇ શકે છે.

પુણ્યના ભંડારને ભરપૂર બનાવનાર પરોપકારને જીવનમાં વણી લઇએ.

**ગુણ-૩૦. દયા**

ભગવાન મહાવીરનો સંદેશ છે.

''જીવો અને જીવવા દો.''

અણમોલ માનવ જીવન કેવળ જીવવા જ નથી મળ્યું પણ બીજાઓને પણ જીવાડવા મળ્યું છે. આપણી સાવધાની અનેકોને અભયદાન આપી શકે આપણી બેદરકારી અનેકોના પ્રાણોને હરી લે છે. જ્યાં સુધી હૃદયમાં કોમળતા નથી ત્યાં સુધી દયાના ગુણની સંભાવના દેખાતી નથી. દયાના ગુણને વિકસાવવો હશે તો બીજા જીવોના દુઃખોને જોઇને દુઃખોને દૂર કરવા પ્રયત્ન કરવા પડશે... સદ્ભાવના ભાવવી પડશે. આપણે આજ દિવસ સુધી સ્વાર્થમાં પાગલ બનીને રહ્યાં છીએ. આપણે આપણો જ વિચાર કર્યો છે. બીજાનો ક્યારેય વિચાર આવ્યો નથી... કર્યો નથી.

દયા એ ધર્મનું મૂળ છે. જ્યાં બીજ ન હોય ત્યાં અંકૂર ક્યાંથી હોય ? દયા ન હોય ત્યાં ધર્મ ક્યાંથી હોય ? ધર્મ જીવને સ્વાર્થમાંથી પરમાર્થ તરફ લઇ જાય છે. દયાળુ જીવો પોતે દુઃખ સહન કરીને પણ બીજાને સુખી કરતા હોય છે. ભુખ-તરસ અને દુઃખોમાં સબડતા જીવોને યોગ્ય સહાયતા કરી એમના દુઃખો નિવારી સુખી બનાવવાના પ્રયત્નોમાં લાગી દયાળુ બની આત્મકલ્યાણ સાધીએ.

**ગુણ-૩૧. સત્સંગ**

'સંગ તેવો રંગ' એ ઉક્તિ આપણને સાવધાન

કરે છે. લસણની સાથે કોઈ વસ્તુ રાખવામાં આવે તો એમાં લસણની ગંધ આવ્યા વિના રહેતી નથી જ્યારે અત્તરના સંગે વસ્તુ સુવાસિત બનીને જ રહે છે. આવું જ છે આપણું જીવન. સત્‌નો સંગ આપણને સજ્જન અને સંત બનાવે છે જ્યારે અસત્‌નો સંગ આપણને દુર્જન કે શેતાન બનાવે છે.

અનાદિકાળથી આપણા આત્માની સાથે અનેક દોષો જોડાયેલા છે. એમને જો કુસંગ મળી જાય તો એ દોષો આપણા વર્તમાન જીવનને દુર્જન અને શેતાન બનાવીને આપણા હાથે પાપી અને નીચ કાર્યો કરાવે છે. અનાદિના દોષોને જો દબાવવા હોય તો એને ક્યારેય કુસંગના નિમિત્ત ન આપતા સતત સત્સંગમાં રાખવાની આવશ્યકતા છે. સત્સંગના પ્રભાવે જીવનમાં દોષો દૂર થાય છે સદ્‌ગુણો અને સાત્વિકતાનો જીવનમાં સંચાર થાય છે. વાલિયા લુંટારાને વાલ્મિકઋષિ બનાવનાર... આર્દ્રકુમારને પ્રભુ મહાવીરના શિષ્ય બનાવનાર... રોહિણી ચોરને સાધુ બનાવનાર સત્સંગ જ હતો ને ?

સત્‌નો સંગ કરી એના રંગે રંગાઈ જઈને સજ્જન બનવા ઉદ્યમવંત બનીએ.

### ગુણ-૩૨. ધર્મશ્રવણ

કાન મળ્યા. એટલે આપણે પંચેન્દ્રિય પણું પામ્યા. પણ આ કાનનો ઉપયોગ આજ દિવસ સુધી શું સાંભળવામાં કર્યો ? કોકની નિંદા... કોક વિકથા... સિનેમા સંગીત.. વિષય અને વાસનાની વૃદ્ધિ કરનારા શબ્દો... મોહને વધારનાર વાતો...! આ બધું સાંભળવાથી મોહ વધ્યો... સંસાર વધ્યો... કર્મોના બંધ મજબૂત બન્યા... અને એનાથી આપણો આત્મા દુઃખ-દુર્ગતિનો ભોગ બન્યો. પણ જો આ કર્ણેન્દ્રિયનો ઉપયોગ ધર્મશ્રવણ માટે કરવામાં આવે તો આત્મા-પરમાત્માનો પરિચય થાય... પાપ-પુણ્યની સમજ આવે... કર્મ અને ધર્મનો મર્મ સમજાય... જડ-ચેતનના ભેદ પરખાય... સમતા, સંતોષ, સત્સંગ, સદાચારાદિ ગુણો જીવનમાં પ્રગટે... આલોક...પરલોકનો ખ્યાલ આવે. અનાદિના આત્માના પરિભ્રમણનો અને ચાર ગતિમય સંસારમાંથી છુટવાનો ભાવ જાગે. ત્યાગ, વૈરાગ્યના માર્ગે આગળ વધવાની પ્રેરણા મળે. દાન-શીલ-તપ ભાવમાં પ્રવૃત્તિ થાય અને દેશવિરતિ કે સર્વવિરતિ તરફ પ્રેમ જાગે. ધર્મ શ્રવણ દ્વારા જ જંબુસ્વામીનો આત્મા જાગ્યો... ધર્મ શ્રવણથી જ ચંડકૌશિક આઠમા દેવલોકે પહોંચ્યો.. દેશવિરતિ, સર્વવિરતિ યાવત્ કેવલજ્ઞાન અને મોક્ષ સુધીના આત્મવિકાસના પાયામાં ધર્મશ્રવણનો મહાન ગુણ છે. આત્મકલ્યાણના ઈચ્છુક સહુના જીવનમાં 'ધર્મશ્રવણ' નિયમિત હોવું જ જોઈએ.

### ગુણ-૩૩. બુદ્ધિના આઠ ગુણો.

'ધર્મશ્રવણ' જીવનમાં સફળ ક્યારે થાય ? જ્યારે સુયોગ્ય બુદ્ધિને કામે લગાડવામાં આવે ત્યારે. એટલે જ અહિં 'ધર્મશ્રવણ' પછી બુદ્ધિના આઠ ગુણોની વાત જણાવી છે. બુદ્ધિના આઠ ગુણો નીચે મુજબ છે -

૧) શુશ્રુષા :- શુશ્રુષા એટલે તત્વને સાંભળવાની ઈચ્છા કે જિજ્ઞાસા.

૨) શ્રવણ :- મન દઈને પરમાત્માની વાણી સાંભળવી.

૩) ગ્રહણ :- પરમાત્માની વાણી સાંભળ્યા પછી એમાંથી થોડું પણ સ્વીકારી જીવનમાં આચરણમાં ઉતારવું.

૪) ધારણા :- સાંભળેલી વાણીને ભૂલી ન જતાં સ્મૃતિમાં રાખવાની છે.

૫) ઉહા અને ૬) અપોહા :- સાંભળેલી વાણીને ચિંતન-મનન પૂર્વક ઉંડાણથી અનુકુળ

અને પ્રતિકુળ તર્ક પૂર્વક સ્વીકારવાની છે.

૭) અર્થ-વિજ્ઞાન-સાંભળેલી વાણી દ્વારા વિશિષ્ટ અર્થ જ્ઞાનને પામીને નિર્ણયાત્મક બોધ કરવો.

૮) તત્વજ્ઞાન-તત્વજ્ઞાનથી હેય-જ્ઞેય અને ઉપાદેયનો બોધ થાય છે. હેય એટલે ત્યાગવા યોગ્ય... જ્ઞેય એટલે જાણવા યોગ્ય અને ઉપાદેય એટલે આદરવા યોગ્ય... આ બોધ થવાથી 'ધર્મશ્રવણ' દ્વારા તત્વજ્ઞાનરૂપી અર્ક પ્રાપ્ત થાય છે. દોષોથી મુક્ત અને ગુણોથી યુક્ત જીવન બનીને જ રહે છે.

**ગુણ-૩૪. પ્રસિદ્ધ દેશાચારનું પાલન :-**

આપણે જે દેશમાં રહેતા હોઇએ એ દેશમાં જે સુંદર -સાત્વિક આચાર લોકવ્યવહાર કે રીતરીવાજ ચાલતા હોય એનું જીવનમાં પાલન કરવું જ જોઇએ. એમ ન કરવાથી આલોકમાં નિંદા-અપમાન અને તિરસ્કાર થાય છે. જયારે પરલોકમાં એના કડવા ફળ ભોગવવા પડે છે. આજે આપણે અનાર્ય દેશની રહેણી-કરણીને અપનાવી રહ્યા છીએ અને આપણા દેશની-રહેણી કરણીની નિંદા અને તિરસ્કાર કરીએ છીએ.

સુસંસ્કારયુક્ત આપણી સંસ્કૃતિની મજાક ઉડાવીએ છીએ. હવે તો એના કડવા ફળો પણ આપણને જોવા મળી રહ્યા છે. ખાવા-પીવામાં, હરવા-ફરવામાં, મોજ-શોખમાં આપણે પાગલ બન્યા. નથી સમયનું ભાન, નથી વેશનું ભાન જેના પરિણામ અપહરણ-બળાત્કારના બનાવો સામાન્ય બન્યા. પૈસાનું મહત્વ વધ્યું... સંસ્કારોની સુવાસ ઘટી જીવન પાપમય અને હિંસામય બનાવી આપણે આપણા હાથે આપણી બરબાદી નોતરી લીધી. હજી જાગીને આર્યધરતિના ઉત્તમ સાત્વિક સંસ્કારમય અને મર્યાદા ભરપૂર જીવનના સ્વામી બનવા સફળ પુરુષાર્થ આદરી એના મીઠા ફળ અનુભવીએ.

**ગુણ-૩૫ શિષ્ટાચાર પ્રસંશા :-**

ઉદારતા... ગંભીરતા... ધીરતા... વીરતા... પરોપકારીતા... નમ્રતા... કૃતજ્ઞતા આદિ અનેક ગુણોના ધારક હોય તે શિષ્ટ પુરુષ કહેવાય. એના જીવનમાં વ્યસન-વિકથા અને વિકૃતિનું નામ નિશાન નથી હોતું. આપણે અનેક ગુણોથી યુક્ત મહાપુરુષોના આચારની પ્રસંશા તો નથી કરી શકતા પણ એમના જીવનમાં નથી એવા દુર્ગુણોને શોધવાનો અને એની નિંદા કરવાનો જ પ્રયત્ન કરીએ છીએ. આવા વર્તનથી આપણે ક્યારેય ગુણોને પામી શકતા નથી.

''ઉત્તમના ગુણ ગાવતાં ગુણ આવે નિજ અંગ'' ગુણીજનોના ગુણોની પ્રસંશા કરવાથી જ આપણા જીવનમાં ગુણો પ્રગટ થાય છે. જેને પોતાનું જીવન ઉત્તમ ગુણોથી મઘમઘતું બનાવવું હોય એમણે 'શિષ્ટાચાર પ્રસંશા'ના ગુણને અપનાવવો જ રહ્યો. આ કાળે જયારે સદાચારનો દુષ્કાળ પડ્યો છે ત્યારે ક્યાંય પણ નાનો એવો શિષ્ટાચાર કે નાનું પણ સુકૃત જોવા મળે તો પેટભરીને પ્રસંશા અને અનુમોદના કરવા જેવી છે. એમ કરવાથી જ આપણામાં શિષ્ટાચાર પાલનનું અને સુકૃતની પરંપરા ઉભી કરવાનું અદ્ભૂત બળ પ્રગટ થશે.

# જીવ-વિચાર

વનસ્પતિકાયના મુખ્ય સાધારણ અને પ્રત્યેક એવા બે ભેદ બતાવીને પૂ. શાંતિસૂરિજી મહારાજાએ સાધારણ વનસ્પતિકાયમાં આવતા વિવિધ અનંતકાયના નામો જણાવી ૩૨ અનંતકાયનો પરિચય કરાવ્યો. હવે આપણી જાણકારી માટે આપણી સમક્ષ સાધારણ વનસ્પતિકાય તથા પ્રત્યેક વનસ્પતિકાયના લક્ષણ જણાવે છે.

**गूढ सिर संधिपव्वं, समभंग,**
**महिरुगं च छिन्नरुहं ।**
**साहारण शरीरं, तव्विवरीयं च पत्तेयं ।।१२।।**

ગાથાર્થ :– જેનાં (સીર) કણસલાં, સાંધા (નસો), ગાંઠા વિગેરે ગુપ્ત (છાના) હોય, ભાંગવાથી જેનાં બે સરખા ભાગ થાય, તથા જેમાં તાંતણા ન હોય, તથા છેદિને વાવીએ તો ફરી ઉગે. તેને સાધારણ વનસ્પતિકાય કહેવામાં આવે છે. તેથી વિપરીત લક્ષણવાળાને પ્રત્યેક વનસ્પતિકાય કહેવામાં આવે છે.

સામાન્ય વિશ્વમાં જે વૃક્ષો આપણી નજર સામે આવે છે એ ઝાડના પાંદડા વિગેરેમાં સ્પષ્ટ સીરો–નસો દેખાય છે. જયારે (અનંતકાય) સાધારણ વનસ્પતિકાયમાં એ જોવા ન મળે. વાંસ, શેરડી વગેરેની ગાંઠો સ્પષ્ટ જાણી શકાય છે. પરંતુ સાધારણ વનસ્પતિકાયમાં ગુપ્ત હોય છે.

સામાન્ય વૃક્ષના ફળ–મૂળ આદિમાં તાંતણા હોય પરંતુ બટાટા, કાંદા, બીટ વિગેરેમાં સાધારણ વનસ્પતિકાયમાં તાંતણા નથી હોતા.

અનંતકાયરુપ વનસ્પતિને તોડવા હોય તો એના ધાર્યા બે કટકા સહજતાથી સંભવી શકે પરંતુ પ્રત્યેક વનસ્પતિકાયમાં એ શક્ય ન હોય.

સાધારણ વનસ્પતિકાયનો નાનો ટુકડો પણ વાવવાથી ફરી ઉગે છે ત્યારે પ્રત્યેક વનસ્પતિકાયમાં આવું બનતું નથી. દા. ત. પાનકુટીના પાંદડા, બટાટાનો આંખનો ભાગ વિગેરે વાવવાથી ઉગે છે.

એવી રીતે સાધારણ વનસ્પતિકાયના લક્ષણો ઉપરથી આપણે તપાસ કરીને એમને જુદા તારવી શકીએ.

સાધારણ વનસ્પતિકાયના લક્ષણ બતાવી પ્રત્યેક વનસ્પતિકાયના એનાથી વિપરીત છે એમ જણાવ્યું. તેથી પ્રત્યેક વનસ્પતિકાયના લક્ષણ નીચે મુજબ કહી શકાય–

- જેના (સીર) કણસલો, સાંધા (નસો) ગાંઠો વગેરે છાનું ન હોય પણ દેખાતા હોય છે.
- ભાંગવાથી જેના બે સરખા ભાગ ન થતા હોય.
- જેમાં તાંતણા હોય તથા
- જે છેદીને વાવીએ તો ફરી ન ઉગે.

આ પ્રત્યેક વનસ્પતિકાયની વિશેષતાઓ જણાવતા કહે છે–

**एग सरीरे एगो जीवो जेसिं तु तेय पत्तेया ।**
**फल फूल छल्लि कट्ठा,**
**मूलग पत्ताणि बीयाणि।।१३।।**

ગાથાર્થ :– એક શરીરને વિષે એક જીવ (વૃક્ષ આદિને) જેને હોય તેને પ્રત્યેક વનસ્પતિકાય કહેવાય છે. ફળ, ફુલ, છાલ, થડ, મૂળ, પાંદડા, તથા બીજ પ્રત્યેક વનસ્પતિ કાય છે.

અહીં પ્રત્યેક વનસ્પતિકાયની સમજણ આપીને એક વૃક્ષમાં સાત સ્થાનમાં જુદા જુદા જીવ હોય છે એ વાતને સ્પષ્ટ કરે છે.

એક વૃક્ષ લઈએ તો એના ફળમાં જુદો જીવ છે... ફુલમાં જુદો જીવ છે... થડમાં, મૂળમાં, પાંદડામાં, છાલમાં તથા બીજમાં જુદા જુદા જીવ છે.

વૃક્ષપર જેટલા પાંદડા એ દરેક પાંદડાનો જીવ જુદો છે... જેટલા ફળ એટલા જીવ જુદા છે... એક ફળનો જીવ તથા એ ફળમાં જેટલા બીજ હોય એટલા જુદા જીવ હોય છે. એમ વિચાર કરતાં એક વૃક્ષના વિવિધ સ્થાનમાં વિવિધ જીવ છે પરંતુ પ્રત્યેક જીવનું પોતાનું શરીર જુદું છે તેથી તે પ્રત્યેક વનસ્પતિકાય કહેવાય છે.

**સૂક્ષ્મ જીવો ચૌદ રાજલોકમાં ભરેલા છે.-**

આપણને આપણી આજુબાજુ કશું જ દેખાતું નથી. અવકાશ ખાલી જગ્યા જ દેખાય છે. ત્યારે જ્ઞાની ભગવંતો આપણી ભ્રમણાને ભાંગતા આપણી ચારે બાજુ સૂક્ષ્મજીવોની હાજરી સૂચવે છે. આ વાતને આજે વિજ્ઞાન પણ સ્વીકારે છે. પૂ. શાંતિસૂરિ મ. શું કહે છે ? સમજવાનો પ્રયત્ન કરીએ–

**पत्तेय तरुमुत्तं, पंचवि पुढवाइणो सयललोए ।**
**सुहुमा हवंति नियमा,**
**अंतमुहुत्ताउ अदिस्सा ।।१४।।**

ગાથાર્થ :– પ્રત્યેક વનસ્પતિકાયને મૂકીને પાંચે પૃથ્વીકાયાદિ સકળ લોકને વિષે નિશ્ચે કરી સૂક્ષ્મ હોય છે... અંતર્મુહૂર્તના આયુષ્યવાળા અને અદૃશ્ય હોય છે.

પ્રત્યેક વનસ્પતિકાય બાદર જ છે. જોઇ શકાય એવું છે. આ પ્રત્યેક વનસ્પતિકાયને છોડીને બાકી રહેલા એકેન્દ્રિય જીવોની વાત જણાવતાં કહે છે કે પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, તથા સાધારણ વનસ્પતિકાયના સૂક્ષ્મજીવો ચૌદ રાજલોકમાં ભરેલા છે અને તે અદૃશ્ય હોવાથી આપણે ચર્મ ચક્ષુથી જોઇ શકતા નથી. આપણી આજુ બાજુ બધી જગ્યાએ આ સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો ભરેલા છે અને એમનું વધારેમાં વધારે (ઉત્કૃષ્ટ) આયુષ્ય એક અંતર્મુહૂર્ત જ છે.


જીવ વિચારની ચૌદ ગાથા દ્વારા આપણે જીવના સ્થાવર અને ત્રસ એવા ભેદ જાણ્યા પછી સ્થાવર જીવોના વિવિધ ૬ ભેદ જોયા. આ છ ભેદ નીચે મુજબ છે (૧) પૃથ્વીકાય (૨) અપકાય (૩) તેઉકાય (૪) વાયુકાય (૫) સાધારણ વનસ્પતિકાય અને (૬) પ્રત્યેક વનસ્પતિકાય.

આ છ ભેદમાંથી પ્રત્યેક વનસ્પતિકાય બાદર જ છે જ્યારે પ્રથમ પાંચ ભેદ બાદર અને સૂક્ષ્મ એમ બે પ્રકારના છે. તેથી સ્થાવરના સૂક્ષ્મ તથા બાદર મેળવીને ૧૧ (અગ્યાર) ભેદ થાય છે. આ અગ્યારના આગળ પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ બે બે ભેદ થતાં કુલ મળીને સ્થાવર જીવોના ભેદ ૨૨ (બાવીશ) થાય છે.

**કોઇ તમને પૂછે તમારી મૂઠ્ઠીમાં કે હાથના ખાલી ખોબામાં કેટલા જીવભેદ સંભવે છે ?**

**તમારો જવાબ શું હશે ?**

**જીવ-વિચારના આટલા અભ્યાસ પછી આપણને ખ્યાલ આવવો જોઇએ કે ૧૦ સૂક્ષ્મ જીવો અને ૨ બાદર વાયુકાયના આ (૧૨) ભેદો સદા-સર્વત્ર જ સંભવી શકે છે.**




હવે આપણે પર્યાપ્ત અને અપાર્યપ્ત એટલે શું તે જાણીએ.

પોતાને યોગ્ય પર્યાપ્તિ પુરી કરે તે જીવ પર્યાપ્ત કહેવાય અને પોતાને યોગ્ય પર્યાપ્તિ પૂરી ન કરે તે જીવ અપર્યાપ્ત કહેવાય છે.

**आहार शरीर इंद्रिय, पज्जत्ती, आणपाण भास मणे ।**
**चउ पंच पंच छप्पिय, इग विगला सन्निसन्नीण ।।** (નવતત્વ-૬)

પર્યાપ્તિ એટલે શક્તિ. આ પર્યાપ્તિ છ છે... તે નીચે મુજબ જાણવી –

૧. આહાર પર્યાપ્તિ ૨. શરીર પર્યાપ્તિ ૩. ઈન્દ્રિય પર્યાપ્તિ ૪. શ્વાસોશ્વાસ પર્યાપ્તિ ૫. ભાષા પર્યાપ્તિ ૬ મન પર્યાપ્તિ.... આમાંથી એકેંદ્રિયને પહેલી ચાર પર્યાપ્તિ હોય છે.

જીવ જયાં જાય છે ત્યાં પ્રથમ આહાર ગ્રહણ કરે છે. આહાર યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને એને લોહી આદિમાં પરીણમવાની શક્તિ તે આહાર પર્યાપ્તિ છે... આહાર લીધા પછી એના દ્વારા **જીવ શરીર બનાવે છે. શરીર યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને એને લોહી** આદિમાં પરિણમવાની શક્તિ તે શરીર પર્યાપ્તિ છે. શરીર બન્યા પછી જીવ ધીમે ધીમે ઈન્દ્રિય બનાવે છે... ઈન્દ્રિય યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને ઈન્દ્રિય રૂપે પરીણમાવવાની શક્તિ તે ઈન્દ્રિય પર્યાપ્તિ. ઈન્દ્રિયો આદિ બનાવ્યા પછી જીવ શ્વાસોશ્વાસની પ્રક્રિયા શરૂ કરે છે... શ્વાસોશ્વાસ યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરી શ્વાસોશ્વાસ રૂપે પરિણમાવવાની શક્તિ તે શ્વાસોશ્વાસ પર્યાપ્તિ છે. એકેંન્દ્રિય જીવોને આ ચાર પર્યાપ્તિ હોય છે.. **વિકલેન્દ્રિયને પાંચ, અસંજ્ઞી પંચેન્દ્રિયને પાંચ અને સંજ્ઞી પંચેન્દ્રિયને છ પર્યાપ્તિ હોય છે.**

આવા પ્રકારે સ્થાવર જીવોના બાવીસ ભેદોનો વિસ્તારથી વિચાર કરી હવે આપણે ત્રસ જીવોનો વિચાર કરીશું.

# નવતત્વ... (અજીવ તત્વ)

જીવ તત્વના જીવનનો આધાર અજીવ તત્વ છે. સંસારી જીવોનું જીવન અજીવ તત્વની સહાયતા વિના અધૂરું છે. ચાલવું હોય કે દોડવું હોય... ઉભુ રહેવું હોય કે બેસવું હોય... બોલવું હોય કે સાંભળવું હોય... ખાવું હોય કે પીવું હોય... અજીવ તત્વની સહાયતા અનિવાર્ય છે. આપણે એના જ આધારે એક - એક ક્રિયા કરી શકીએ છીએ. શું આપણને એની સમજણ છે ? આપણી પાસે એનું જ્ઞાન છે ?

અજીવ તત્વના ભેદ... અજીવ તત્વના લક્ષણ જ્ઞાની ભગવંતો આપણને જણાવે છે. એનું ચિંતન-મનન કરતાં આ વિશ્વમાં ચાલતી અનેકાનેક ચિત્ર-વિચિત્ર ક્રિયાઓનું રહસ્ય ખુલ્લું થાય છે. અણુ-પરમાણુના ભેદ સમજાય છે.

જીવ જેમ શક્તિનો ભંડાર છે તેવી જ રીતે અજીવમાં પણ મહા શક્તિ ભરેલી છે. આવો ! આપણે આ શકિતને સમજીને - જાણીને એમાંથી... એની આસક્તિમાંથી મુકત બનવા પુરૂષાર્થ આદરીએ.

જીવ-જીવ સ્વરૂપે જ છે.

અજીવ-અજીવ સ્વરૂપે જ છે.

જીવ-અજીવ બનતું નથી... અજીવ-જીવ બનતું નથી.

તત્વને તત્વ રૂપે જાણી તરી જઇએ...

**धम्मा-धम्मागासा,**
**तिय तिय भेया तहेव अद्धाय ।**
**खंधा देस पऐसा,**
**परमाणु अजीव चउ दसहा ।।८।।**

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, અને આકાશાસ્તિકાય આ દરેકના ત્રણ ત્રણ ભેદ ગણતાં નવ થાય, તેમજ કાળનો એક એમ દસ, સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુએ ચારને દસમાં મેળવતાં અજીવના કુલ (૧૪) ચૌદ ભેદ થાય છે.

આસ્તિ એટલે પ્રદેશો અને કાય એટલે સમુહ.

અજીવ એટલે જીવ રહિત - અજીવના મુખ્ય પાંચ ભેદ છે -

(૧)ધર્માસ્તિકાય (૨) અધર્માસ્તિકાય (૩) આકાશાસ્તિકાય (૪) કાળ અને (૫) પુદ્ગલાસ્તિકાય

એમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય તથા આકાશાસ્તિકાયના ત્રણ-ત્રણ ભેદ છે.

આ ત્રણ ભેદ નીચે પ્રમાણે છે.

(૧) સ્કંધ (૨) દેશ અને (૩) પ્રદેશ.

વસ્તુનો આખો ભાગ તે સ્કંધ કહેવાય છે.

સ્કંધથી નાનો પરંતુ ફરી જેના વિભાગ થઇ શકે તે સ્કંધ સાથે જોડાયેલો સ્કંધનો ભાગ તે દેશ કહેવાય છે.

સ્કંધ સાથે જોડાયેલો સ્કંધનો નાનામાં નાનો અવિભાજ્ય સૂક્ષ્મ અણુ તે પ્રદેશ કહેવાય છે.

તેથી ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયના કુલ ૯ ભેદ થયા.

૧. ધર્માસ્તિકાય સ્કંધ
૨. ધર્માસ્તિકાય દેશ
૩. ધર્માસ્તિકાય પ્રદેશ
૪. અધર્માસ્તિકાય સ્કંધ
૫. અધર્માસ્તિકાય દેશ
૬. અધર્માસ્તિકાય પ્રદેશ

૭. આકાશાસ્તિકાય સ્કંધ

૮. આકાશાસ્તિકાય દેશ

૯. આકાશાસ્તિકાય પ્રદેશ.

કાળનો એક જ ભેદ હોવાથી ૧ ભેદ થયો.

સ્કંધથી છૂટો પડેલો સ્કંધનો નાનામાં નાનો અવિભાજ્ય સૂક્ષ્મ અણુ તે પરમાણુ કહેવાય છે.

સ્કંધથી છૂટો અણુ ધર્માસ્તિકાય – અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયમાં સંભવી જ ન શકે કારણ તે સર્વ વ્યાપી છે. જ્યારે છૂટો અણુ પુદ્ગલાસ્તિકાયમાં હોય છે તેથી પુદ્ગલાસ્તિકાયના ૪ ભેદ નીચે મુજબ થાય છે.

(૧) પુદ્ગલાસ્તિકાય સ્કંધ

(૨) પુદ્ગલાસ્તિકાય દેશ

(૩) પુદ્ગલાસ્તિકાય પ્રદેશ અને

(૪) પુદ્ગલાસ્તિકાય પરમાણુ.

તેથી અજીવના કુલ ૧૪ ભેદ થયા.

| | |
|---|---|
| ધર્માસ્તિકાય | – ૩ |
| અધર્માસ્તિકાય | – ૩ |
| આકાશાસ્તિકાય | – ૩ |
| કાળ | – ૧ |
| પુદ્ગલાસ્તિકાય | – ૪ |
| **કુલ –** | **૧૪ અજીવના ભેદ** |

**धम्माऽधम्मा पुगल, नह कालो पंच हुंति अज्जीवा।**
**चलण सहावो धम्मो,**
**थिर संठाणो अहम्मो य ॥९॥**

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, પુદ્ગલાસ્તિ –કાય, આકાશાસ્તિકાય, અને કાળ એ પાંચ અજીવ છે. ચલન સ્વભાવવાળો ધર્માસ્તિકાય છે તો સ્થિર રાખવાના સ્વભાવવાળો અધર્માસ્તિકાય છે.

અસ્તિ એટલે પ્રદેશનો

કાય એટલે સમુહ.

અસ્તિકાય એટલે પ્રદેશોનો સમુહ. આવા પ્રદેશોના સમુહ અસ્તિકાય કહેવાય છે. તે ધર્મ– અધર્મ– આકાશ અને પુદ્ગલમાં સંભવે છે. તેથી તે ધર્માસ્તિકાય – અધર્માસ્તિકાય – આકાશાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય કહેવાય છે. કાળ દ્રવ્ય માટે આવું સંભવતું નથી તેથી કાળ એક જ ભેદ સહિત છે. પરિવર્તન સ્વભાવવાળું નવાને જૂનું કરનાર છે.

આ પાંચ દ્રવ્ય અજીવ છે.

આમાં ધર્માસ્તિકાય ગતિ આપવાના સ્વભાવવાળો છે. ગતિ સહાયક છે. આપણને સહુને ચાલવામાં તે સહાયક બને છે. જો વાતાવરણમાં ધર્માસ્તિકાય ન હોય તો આપણે ચાલી જ ન શકીએ.

સિદ્ધના જીવો લોકના છેડે જઈને અટકી જાય છે કારણ કે આગળ ધર્માસ્તિકાયનો અભાવ છે.

અધર્માસ્તિકાય સ્થિર રાખવાના સ્વભાવવાળો છે. તે આપણને સ્થિર રહેવામાં સહાયક બને છે.

આપણે એક સ્થાને ઉભા રહી શકીએ... બેસી શકીએ છીએ એમાં અધર્માસ્તિકાય સહાયક બને છે.

સિદ્ધના જીવો અલોકને અડીને સ્થિર રહે છે એમાં પણ અધર્માસ્તિકાયની જ સહાયતા છે.

**अवगाहो आगासं, पुग्गल जींवाण पुग्गला चउहा।**
**खंधा देस पएसा, परमाणु चेव नायव्वा ॥१०॥**

અવકાશ આપવાના સ્વભાવવાળો આકાશાસ્તિકાય છે. જીવ અને પુદ્ગલને સ્થાન આપે છે. સ્કંધ, દેશ પ્રદેશ અને પરમાણુ એ ચાર પ્રકારે પુદ્ગલ નિશ્ચયથી જાણવું.

આકાશાસ્તિકાય અવકાશ આપે છે. દરેક જીવ–અજીવને જગ્યા આપવાના સ્વભાવવાળો છે.

પુદ્ગલાસ્તિકાય પૂરણ અને ગલન સ્વભાવવાળુ છે.

પૂરણ એટલે મળવું... અને ગલન એટલે વિખરવું...

સમયે સમયે પુદ્ગલના સ્કંધ સાથે બીજા નવા પરમાણુ જોડાતા હોય છે અને જુના પુદ્ગલો એનાથી જુદા પડતા હોય છે. સદા-સર્વદા એમાં ફેરફાર થતો જ રહે છે. આપણી નજરમાં વસ્તુ કે સ્કંધ રોજ એક સરખો જ દેખાતો હોય તો પણ એમાં સમયે-સમયે સુક્ષ્મ ફેરફાર થતો જ હોય છે. કદાચ આપણે એ સૂક્ષ્મ ફેરફારને સમજી ન શકીએ. સમયે સમયે એના વર્ણ-ગંધ-રસ-સ્પર્શના ૨૦ ભેદમાં ક્યાંક ને ક્યાંક નવા પુદ્ગલોનું પુરવું અને જુના પુદ્ગલોનું વિખરવું ચાલું જ હોય છે. [૧]પુદ્ગલાસ્તિકાયના સ્કંધ-દેશ-પ્રદેશ અને પરમાણુ એમ ચાર ભેદ છે.

**सद्दंधयार उज्ञोअ, पभा छाया तवेहिआ ।**
**वण्ण गंध रसा फासा, पुग्गलाणं तु लख्खणं ।।११।।**

શબ્દ, અંધકાર, પ્રકાશ, જ્યોતિ, છાયા, આતપ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ એ પુદ્ગલોનું નિશ્ચયપણે લક્ષણ છે.

પુદ્ગલના લક્ષણ ૧૦ જણાવે છે –

(૧) **શબ્દ –** શબ્દ એટલે અવાજ – ધ્વનિ-નાદ. શબ્દ એ પુદ્ગલનું લક્ષણ છે. આ શબ્દ ત્રણ પ્રકારનો છે – (૧) સચિત્ત – જીવ મુખથી બોલે તે. કોયલનો ટહુંકાર, મોરનો કેકારવ, કુતરાનું ભસવું, આપણું બોલવું. (૨) અચિત્ત શબ્દ – વાસણ વગેરે (અચિત્ત-અજીવ) પદાર્થોના અફળાવવાથી ઉત્પન્ન થતો નાદ-શબ્દ. દા.ત. વાસણ પડતાં થતો નાદ-અવાજ. (૩) મિશ્ર શબ્દ – જીવના પ્રયત્નથી વાગતા સંગીતના સાધન. દા.ત. શંખનાદ, ઘંટનાદ, તબલા, બંસરી વિગેરે.

(૨) **અંધકાર –** અન્ય દર્શનો પ્રકાશના અભાવને જ અંધકાર કહે છે ત્યારે જૈન શાસન અંધકારને પુદ્ગલ સ્કંધ માને છે. અંધકાર પુદ્ગલરૂપ છે અને ઘ્રાણેન્દ્રિયથી ગ્રાહ્ય છે.

(૩) **ઉદ્યોત-પ્રકાશ –** શીત વસ્તુનો શીત પ્રકાશ તે ઉદ્યોત છે. ઉદ્યોત સ્વયં પુદ્ગલ સ્કંધો છે. ઉદ્યોતનામ કર્મના ઉદયથી સૂર્ય સિવાયના ચન્દ્ર-તારા વિગેરે જયોતિષી દેવોના વિમાનોનો... ચંદ્રકાન્ત વિગેરે રત્નોનો... આગિયા વિગેરે જીવોનો શીત પ્રકાશ તે ઉદ્યોત છે.

(૪) **પ્રભા –** સૂર્ય –ચંદ્રના પ્રકાશમાંથી બીજો કિરણો રહિત ઉપપ્રકાશ તે પ્રભા છે. પ્રભા સ્વયં પુદ્ગલના સ્કંધ સ્વરૂપ છે.

(૫) **છાયા –** દર્પણમાં, તડકામાં, પ્રકાશમાં પડતું પ્રતિબિમ્બ અથવા પડછાયો તે છાયા છે. છાયા પુદ્ગલરૂપ છે. પુદ્ગલનું લક્ષણ છે.

(૬) **આતપ–** શીત વસ્તુનો ઉષ્ણ પ્રકાશ તે આતપ છે. દા.ત. સૂર્ય-સૂર્યકાન્તમણિ.

(૭) **વર્ણ –** શ્વેત, રક્ત, પીત, નીલ અને કૃષ્ણ એ પાંચ મૂળ વર્ણ છે. ભેદ-પ્રભેદ ઘણા છે. એક પરમાણુમાં એક વર્ણ છે. વર્ણ વિના પરમાણુ નથી તેથી તે તેનું લક્ષણ છે.

(૮) **ગંધ**–સુગંધ-દુર્ગંધ બે પ્રકારની ગંધ પ્રસિદ્ધ છે. ગંધ વિના પરમાણુ નથી તેથી તે પુદ્ગલનો ગુણ છે. લક્ષણ છે.

(૯) **રસ –** તીખો, કડવો, તૂરો, ખાટો, મીઠો એ પાંચ મૂળ રસ છે. રસ વિના પુદ્ગલ નથી તેથી તે તેનું લક્ષણ છે.

(૧૦) **સ્પર્શ –** શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રૂક્ષ, લઘુ, ગુરૂ, મૃદુ, કર્કશ આ આઠ સ્પર્શ છે. દરેક પુદ્ગલમાં હોવાથી તેનું લક્ષણ છે.

---

૧ નાનું બાળક મોટું થાય અથવા વૃદ્ધ થાય ત્યારે શરીરરુપી પુદ્ગલમાં ઘણા ફેરફાર થાય છે. સરસ મજાનો બંગલો વરસો પછી ખંડેર બની જાય એમાં પુદ્ગલનો સ્વભાવ કામ કરે છે.

**अेगा कोडी सतसट्ठि, लक्ख सत्तहुत्तरी सहस्साय ।**
**दोय सया सोलहिआ, आवलिया इग मुहुत्तम्मि ।।१२।।**

એક કરોડ, અડસઠ લાખ, સત્તોતેર હજાર બસો સોળ આવલીઓ એક મુહૂર્તમાં થાય છે.

કેવળી ભગવંતની દૃષ્ટિએ પણ જેના બે ભાગ ન થઈ શકે એવો સૂક્ષ્મમાં સૂક્ષ્મ અવિભાજ્ય કાળ તે એક સમય છે.

અતિ જીર્ણ સહજતાથી ફાટિ જાય એવા વસ્ત્રને જલ્દિથી ફાડતાં એક તંતુથી બીજા તંતુ સુધી ફાડવામાં જે કાળ લાગે તેમાં અસંખ્ય સમય નિકળી જાય છે.

આંખનું મટકું મારતાં અસંખ્ય સમય વીતી જાય છે.

કમળની અતિ મુલાયમ-કોમળ પાંખડીઓના થપ્પાને (એકની ઉપર એક એમ ગોઠવેલા શતાધિક પાંખડીઓને) બળવાન વ્યક્તિ અતિ તીષ્ણ ભાલાની અણીથી વીંધે ત્યારે એક પાંખડીને વિંધતા જે કાળ લાગે એમાં અસંખ્ય અસંખ્ય સમય વ્યતીત થાય છે.

એવું અતિ સૂક્ષ્મ કાળનું અવિભાજ્ય ઘટક સમય છે.

ઉપરના બધાં દૃષ્ટાંતો સમયની સૂક્ષ્મતા જણાવવા-સમજાવવા કહેલા છે. આવા અસંખ્યાત સમયની એક આવલિકા થાય છે.

આવી ૧,૬૭,૭૭,૨૧૬ આવલિકાનું એક મુહૂર્ત થાય છે.

**समयावली मुहुत्तं, दीहा पख्खा य मास वरिसाय ।**
**भणिओ पलिया सागर,**
**उस्सप्पिणी सप्पिणी कालो ।।१३।।**

સમય, આવલી, મુહૂર્ત, દિવસ, પક્ષ, મહિનો, વરસ, પલ્યોપમ, સાગરોપમ, ઉત્સર્પિણી, અવસર્પિણી રૂપી કાળ છે.

**વ્યવહાર કાળનું કોષ્ટક**

અવિભાજ્ય સૂક્ષ્મ કાળ = ૧ સમય.
૯ સમય = ૧ જઘન્ય અન્તર્મૂહૂર્ત.
અસંખ્ય સમય = ૧ આવલિકા
૨૫૬ આવલિકા = ૧ ક્ષુલ્લક ભવ.
સાધિક ૧૭।। ભવ = ૧ શ્વાસોચ્છશ્વાસ(પ્રાણ)
૭ પ્રાણ (શ્વાસો.) = ૧ સ્તોક.
૭ સ્તોક = ૧ લવ
૩૮।। લવ = ૧ ઘડી.
૭૭ લવ (૩૭૭૩ શ્વાસોશ્વાસ) = ૧ મુહુર્ત્ત
૧૬૭૭૭૨૧૬ થી અધિક આવલિકા તથા બે ઘડી = ૧ મુહૂર્ત.
૩૦ મુહૂર્ત = ૧ દિવસ (અહોરાત્રિ)
૧૫ દિવસ = ૧ પક્ષ (પખવાડિઉ)
૨ પક્ષ = ૧ માસ
૬ માસ = ૧ ઉત્તરાયણ અથવા ૧ દક્ષિણાયન
૨ અયન અથવા ૧૨ માસ = ૧ વર્ષ
૫ વર્ષ = ૧ યુગ
૮૪ લાખ પૂર્વ = ૧ પૂર્વાંગ
૭૦૫૬૦૦૦૦૦૦૦૦૦૦ વર્ષ = ૧ પૂર્વ
અસંખ્ય વર્ષ = ૧ પલ્યોપમ.
૧૦ કોડાકોડી પલ્યોપમ = ૧ સાગરોપમ.
૧૦ કોડાકોડી સાગરોપમ = ૧ ઉત્સર્પિણી અથવા ૧ અવસર્પિણી
૨૦ કોડાકોડી સાગરોપમ = ૧ કાળચક્ર
અનંત પૂદ્ગલ પરાવર્તન કાળ = ભૂતકાળ
ભૂતકાળ કરતાં અનંત પુદ્ગલ પરાવર્તન કાળ = ભવિષ્યકાળ
એક સમય = વર્તમાનકાળ
ભૂત-ભવિષ્ય-વર્તમાનકાળ = અદ્ધાકાળ.

# કાળચક્ર કાળચક્ર કાળચક્ર કાળચક્ર

સમયનું ચક્ર અનાદિ કાળથી ચાલુ છે અને તે અનંત કાળ સુધી ચાલુ રહેવાનું જ છે. બધા જ ધર્મોમાં કાળની ગણત્રીની પદ્ધતિઓ જણાવવામાં આવી છે. જૈન શાસ્ત્રો પાસે કાળની ગણનાની પોતાની આગવી – સૂક્ષ્મ અને સ્પષ્ટ પદ્ધતિ છે.

જૈન શાસ્ત્રોમાં વીશ ક્રોડા ક્રોડ સાગરોપમ પ્રમાણ કાળને એક કાળચક્ર કહેવામાં આવ્યું છે. આ કાળચક્રના ૧૦–૧૦ ક્રોડાક્રોડ સાગરોપમ પ્રમાણ વાળા બે વિભાગ છે.– (૧) ઉત્સર્પિણી કાળ :– જે કાળમાં સમયે સમયે સમસ્ત પદાર્થોના વર્ણાદિ ગુણોની વૃદ્ધિ થાય છે તે ઉત્સર્પિણી કાળ કહેવાય છે.

(૨) અવસર્પિણી કાળ :– જે કાળમાં સમયે સમયે સમસ્ત પદાર્થોના વર્ણાદિ ગુણોની અનુક્રમથી હાનિ થાય છે તે અવસર્પિણી કાળ કહેવાય છે.

આ બન્ને ઉત્સર્પિણી તથા અવસર્પિણી કાળના છ–છ આરા છે. એટલે કાળચક્રના કુલ બાર આરા હોય છે.

## અવસપિર્ણી કાળ

અવસર્પિણી કાળના છ આરાનું સંક્ષિપ્ત સ્વરૂપ આ પ્રમાણે છે–

(૧) સુષમસુષમ નામનો પ્રથમ આરો ચાર ક્રોડાકોડી સાગરોપમ પ્રમાણનો છે. આ આરાના મનુષ્ય ત્રણ ગાઉના શરીરવાળા, ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા, ૨૫૬ પાસળીઓવાળા, ત્રણ–ત્રણ દિવસને આંતરે ભૂખ લાગે એટલે તુવેરના દાળ પ્રમાણ ભોજન કરી સંતોષ પામનારા હોય છે.

દસ પ્રકારના કલ્પવૃક્ષો એમની ઇચ્છાઓને પૂરી કરે છે. તેથી આ આરાના માનવીઓ અત્યંત સુખી હોય છે.

આયુષ્યના લગભગ અંત સમયે તેઓ એક પુત્ર–પુત્રી રૂપ યુગલને જન્મ આપે છે. ઓગણપચાસ દિવસ એનું પાલન કરીને મૃત્યુ પામીને સ્વર્ગમાં જાય છે..

(૨) સુષમ નામનો બીજો આરો ત્રણ કોડા કોડી સાગરોપમ પ્રમાણનો છે. આ આરાના મનુષ્ય બે ગાઉના શરીરવાળા, બે પલ્યોપમના આયુષ્યવાળા ૧૨૮ પાસળીઓવાળા, બે–બે દિવસના આંતરે ભૂખ લાગે એટલે બોર પ્રમાણ ભોજન કરી સંતોષ પામનારા હોય છે.

દસ પ્રકારના કલ્પવૃક્ષોથી ઈચ્છિત પામનારા આ આરાના મનુષ્યો પણ સુખી હોય છે.

આયુષ્યના અંતે એક યુગલને જન્મ આપી ચોસઠ દિવસ અપત્ય પાલન કરી મૃત્યુ પામી સ્વર્ગમાં જાય છે.

(૩) સુષમદુષમ નામનો ત્રીજો આરો બે કોડાકોડી સાગરોપમના પ્રમાણનો છે. આ આરાના મનુષ્ય એક ગાઉના શરીરવાળા, એક પલ્યોપમના આયુષ્યવાળા અને ૬૪ પાસળીઓવાળા હોય છે. એક એક દિવસને આંતરે ભૂખ લાગે ત્યારે આમળા પ્રમાણ ભોજન કરી સંતોષ પામનારા હોય છે.

લગભગ આ આરાના અંતસુધી કલ્પવૃક્ષ હોય

છે. ઇચ્છિતને આપે છે. પરંતુ કલ્પવૃક્ષની સંખ્યાદિ ઘટતી જતા સુખ–દુઃખનું જીવનમાં મિશ્રણ હોય છે. સુખ વધુ–દુઃખ ઓછું હોય છે.

આયુષ્યના અંતે એક પુત્ર–પુત્રી રૂપ યુગલને જન્મ આપી ઓગણાએંસી દિવસ અપત્ય પાલન કરી મૃત્યુ પામી સ્વર્ગમાં જાય છે.

આ ત્રીજા આરાનો પલ્યોપમનો આઠમો ભાગ જયારે બાકી રહે ત્યારે પ્રથમ કુલકરનો જન્મ થાય છે. આરાના ચોર્યાશી લાખ પૂર્વ અને ત્રણ વર્ષ સાડા આઠ માસ બાકી રહે ત્યારે પ્રથમ તીર્થંકર પરમાત્માનો જન્મ થાય છે. પ્રથમ ચક્રવર્તી પણ આજ આરામાં થાય છે.

(૪) દુષમસુષમ નામનો ચોથો આરો બેંતાલીસ હજાર વર્ષ ઓછા એક કોડાકોડી સાગરોપમના પ્રમાણવાળો હોય છે. આ આરાનું ઉત્કૃષ્ટ આયુષ્ય ક્રોડ પૂર્વ વરસનું તથા શરીર પાંચસો ધનુષ્યનું હોય છે.

આ આરામાં ૨૩ તીર્થંકરો, ૧૧ ચક્રવર્તીઓ નવ–વાસુદેવો, નવ પ્રતિ વાસુદેવો, નવ બળદેવો થયા છે.

આ આરામાં યુગલિક ધર્મ હોતો નથી. એથી મનુષ્યો રૂચિ પ્રમાણે ભોજન કરનારા અનેક પુત્ર–પુત્રીઓને જન્મ આપનારા તથા કર્મ કરીને પાંચે ગતિમાં જનારા હોયછે. આ આરામાં છ સંઘયણ અને છ સંસ્થાન જીવોને હોય છે.

(૫) દુષમ નામનો પાંચમો આરો એકવીશ હજાર વર્ષ પ્રમાણ હોય છે. આ આરાના મનુષ્યનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧૦૦ વરસથી કાંઇક અધિક હોય છે. શરીર સાત હાથ પ્રમાણ હોય છે.

આ આરામાં જન્મેલો કોઇ પણ મનુષ્ય આ કાળમાં મોક્ષમાં જઇ શકતો નથી. કર્મ પ્રમાણે જીવો ચારે ગતિમાં જાય છે.

દુઃખ વધારે.... સુખ અલ્પ હોય છે.

હાલ આ આરો ચાલુ છે.

(૬) દુષમ–દુષમ નામનો છઠ્ઠો આરો એકવીશ હજાર વર્ષ પ્રમાણ હોય છે. આ આરાના મનુષ્યનું ઉત્કૃષ્ટ આયુષ્ય વીશ વરસનું તથા શરીર એક હાથનું હોય છે.

આ આરાના મનુષ્ય અત્યંત તાપ અને શીત સહન ન કરી શકવાના કારણે વૈતાઢ્ય પર્વતની દક્ષિણ અને ઉત્તર બાજુએ રહેલા ગંગા–સિંધુની ગુફાઓમાં રહેશે.

મત્સ્યાદિનો આહાર કરનારા, મહાક્રોધી, નિર્લજ્જ, મર્યાદા વિનાના અને તેથી મરીને નરકાદિ દુર્ગતિમાં જનારા થશે.

સ્ત્રીઓ છઠ્ઠે વર્ષે ગર્ભને ધારણ કરશે.

## ઉત્સર્પિણી કાળ

આ અવસર્પિણી કાળના છઠ્ઠા આરાનું જે વર્ણન કર્યું એના જેવો ઉત્સર્પિણી કાળમાં પહેલો આરો, પાંચમા જેવો બીજો આરો, ચોથા જેવો ત્રીજો આરો, ત્રીજા જેવો ચોથો આરો, બીજા જેવો પાંચમો આરો અને પહેલા જેવો છઠ્ઠો આરો જાણવો.

ઉત્સર્પિણી કાળમાં દિવસે દિવસે સમસ્ત પદાર્થોના વર્ણાદિ ગુણોની વૃદ્ધિ થાય છે.

દરેક ઉત્સર્પિણી તથા અવસર્પિણી કાળમાં ચોવીસ તીર્થંકર, બાર ચક્રવર્તી, નવ વાસુદેવ નવ પ્રતિવાસુદેવ તથા નવ બળદેવ મળીને ત્રેષઠ શલાકા પુરુષો થાય છે.

# સાગરોપમનું પ્રમાણ

સાગરોપમનું પ્રમાણ

એક યોજનનો ઉંડો-લાંબો અને પહોળો ખાડો બનાવવામાં આવે. આ ખાડામાં દેવકુરુ- ઉત્તરકુરુના સાત દિવસ સુધીના જન્મેલા યુગલિયાના એક વાળના ૨૦,૯૭,૧૫૨ ટુકડા થાય એવા એ એક એક ટુકડાના અસંખ્યાતા-અસંખ્યાતા અતિ સૂક્ષ્મ ટૂકડા કરાય જેના ફરીને બે ટુકડા થઈ જ ન શકે. આવા ટુકડાથી ખડાને ઠાંસી-ઠાંસીને ભરાય એના ઉપરથી ચક્રવર્તીની સેના ચાલી જાય તો પણ જરાય વાળ ખસે નહીં. પછી આ ખાડામાંથી સો-સો વરસે એક એક વાળનો ટુકડો કાઢવામાં આવે. જ્યારે આ ખાડો ખાલી થાય ત્યારે એક પલ્યોપમનો કાળ કહેવાય.

આવા દસ કોડાકોડી પલ્યોપમનો એક સાગરોપમ થાય.

આવા ૨૦ કોડાકોડી સાગરોપમનો એક કાલચક્ર થાય.

એમાં ધર્મનો કાળ કેટલો ?

બે કોડાકોડી સાગરોપમથી કાંઈક અધિક લગભગ અઢાર કોડાકોડી સાગરોપમમાં તો ધર્મજ નથી. નથી દેવ... નથી ગુરુ.... નથી ધર્મ... આપણને તક મળી છે... લાભ લુંટિ લઈએ....

# તીર્થંકરોની જીવન યાત્રા

## (શ્રી અજીતનાથ ભ. થી શ્રી સુપાર્શ્વનાથ ભ. સુધી)

કચ્છ કેસરી પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરિ મ.સા.

શ્રી અજીતનાથ પ્રભુ આગલા ત્રીજા ભવમાં જંબુમહાવિદેહમાં વિમલવાહન રાજા હતા. તે ત્યાં સમ્યક્ત્વ પામી સયંમ લઇ, વીશસ્થાનક તપ આરાધી, તીર્થંકર નામકર્મ બાંધી, વિજય વિમાનમાં દેવ થયા. ત્યાંથી અયોધ્યાપુરીમાંજિતશત્રુ રાજાની વિજયારાણીના ઉદરમાં મહા શુદિ તેરસે આવ્યા. ચૌદ સ્વપ્ન સૂચિત પ્રભુ વૈશાખ શુદિ આઠમે જન્મ્યા. હસ્તિ લાંછનવાળા, સૂવર્ણ કાંતિવાળા, ચારસો પચાસ ધનુષ્યની ઉંચાઈવાળા પ્રભુ અઢાર લાખ પૂર્વ કુમારપણે રહી, એક પૂર્વાંગ સહિત ત્રેપન લાખ પૂર્વ રાજય પાળી, સાંવત્સરિક દાન દઈ, મહા શુદિ નવમીએ એક હજાર રાજાઓ સાથે દીક્ષા લઈ, બાર વર્ષ છદ્મસ્થ રહી, અયોધ્યામાં પોષ સુદિ અગીઆરસે કેવળજ્ઞાન પામ્યા. ઘણા ભવ્યાત્માઓને તારી, એક પૂર્વાંગ ઓછા એક લાખ પૂર્વ દીક્ષાપાળી, સંપૂર્ણ બોંતેર લાખ પૂર્વનું આયુષ્ય ભોગવી સમેતશિખર ઉપર માસિક અનશન કરી ચૈત્ર સુદિ પાંચમે એક હજાર મુનિવરો સાથે મોક્ષે ગયા. એ પ્રભુને સિંહસેન આદિ પંચાણું ગણધરો સહિત એક લાખ સાધુઓ, ફાલ્ગુ આદિ ત્રણ લાખ ત્રીશ હજાર સાધ્વીઓ, બે લાખ અઠાણું હજાર શ્રાવકો અને પાંચ લાખ પિસ્તાલીશ હજાર શ્રાવિકાઓ એટલો પરિવાર હતો. શાસન રક્ષક મહાયક્ષ યક્ષ અને અજિતબલા યક્ષિણી હતાં.

■ શ્રી સંભવનાથ પ્રભુ આગલા ત્રીજા ભવે ધાતકી ખંડના ઐરાવત ક્ષેત્રમાં વિપુલવાહન રાજા હતા. તે ત્યાં સમ્યક્ત્વ પામ્યા. સંઘ ભક્તિ કરી વીશસ્થાનક આરાધી, તીર્થંકર નામકર્મ બાંધી, નવમા દેવલોકમાં દેવ થયા. ત્યાંથી શ્રાવસ્તી નગરીમાં જિતારી રાજાની સેનાદેવી રાણીના ઉદરમાં ફાગણ શુદિ આઠમે આવ્યા. ચૌદ સ્વપ્ન સૂચિત પ્રભુ માગસર સુદિ ચૌદસે જન્મ્યા. અશ્વ લાંછનવાળા, સુવર્ણ કાંતિવાળા, ચારસો ધનુષ્યની ઉંચાઈવાળા પ્રભુ પંદર લાખ પૂર્વ કુમારપણે રહી, ચાર પૂર્વાંગ સહિત ચુમ્માલીશ લાખ પૂર્વ રાજ્ય કરી, સાંવત્સરિક દાન આપી, એક હજાર રાજાઓ સાથે માગસર સુદિ પુનમે દીક્ષા લઈ, ચૌદ વર્ષ છદ્મસ્થ રહી, કાર્તિક વદિ પાંચમે શ્રાવસ્તીમાં કેવળજ્ઞાન પામ્યા. ઘણા ભવ્યાત્માઓને તારી, ચાર પૂર્વાંગ ઓછા એક લાખ પૂર્વ દીક્ષા પાળી, સાઠ લાખ પૂર્વ સર્વ આયુષ્ય ભોગવી, સમેતશિખર ઉપર માસિક અનશન કરી, એક હજાર મુનિવરો સાથે ચૈત્ર શુદિ પાંચમે મોક્ષે ગયા. એ પ્રભુને ચારૂ આદિએકસો બે ગણધરો સહિત બે લાખ સાધુઓ, શ્યામા આદિ ત્રણ લાખ છત્રીશ હજાર સાધ્વીઓ, બે લાખ ત્ર્યાણું હજાર શ્રાવકો અને છ લાખ છવ્વીસ હજાર શ્રાવિકાઓ, એટલો પરિવાર હતો. શાસન રક્ષક ત્રિમુખયક્ષ અને દુરિતારિ યક્ષિણી હતાં.

■શ્રી અભિનંદન પ્રભુ આગલા ત્રીજા ભવે જંબૂમહાવિદેહમાં મહાબલ રાજા હતા. તે ત્યાં સમ્યક્ત્વ પામી દીક્ષા લઈ, વીસસ્થાનક આરાધી, તીર્થંકર નામ કર્મ બાંધી, વિજય વિમાનમાં દેવ થયા. ત્યાંથી અયોધ્યામાં સંવરરાજાની સિદ્ધાર્થારાણીના ઉદરમાં વૈશાખ શુદિ ચોથે. આવ્યા. ચૌદ સ્વપ્ન સૂચિત પ્રભુ મહા શુદિ બીજે જન્મ્યા. કપિલાંછનવાળા, સુવર્ણ કાંતિવાળા,

સાડા ત્રણસો ધનુષ ઉંચાઇવાળા પ્રભુ સાડાબાર લાખ પૂર્વ કુમારપણે રહી, સાડાછત્રીસ લાખ પૂર્વ અને આઠ પૂર્વાંગ રાજ્ય પાળી, સાંવત્સરિક દાન આપી, મહા શુદિ બારસે એક હજાર રાજાઓ સાથે દીક્ષા લઇ, અઢાર વર્ષ છદ્મસ્થ રહી અયોધ્યામાં પોષ સુદિ ચૌદસે કેવળજ્ઞાન પામ્યા. ઘણા ભવ્યાત્માઓને તારી, આઠપૂર્વાંગ ઓછા એક લાખ પૂર્વ દીક્ષા પાળી, એક હજાર મુનિવરો સાથે એક માસનું અનશન કરી સમેતશિખર ઉપર પચાસલાખ પૂર્વ આયુષ્યવાળા પ્રભુ વૈશાખ શુદિ આઠમે મોક્ષે ગયા. એ પ્રભુને વજનાભ આદિ એકસોસોળ ગણધરો સહિત ત્રણ લાખ સાધુઓ, અજિતા આદિ છ લાખ છત્રીશ હજાર સાદવીઓ, બે લાખ અઠ્યાવીશ હજાર શ્રાવકો, અને પાંચ લાખ સત્યાવીશ હજાર શ્રાવિકાઓ એટલો પરિવાર હતો. શાસનરક્ષક યક્ષેશ્વરયક્ષ અને કાલી યક્ષિણી હતાં.

■ શ્રી સુમતિનાથ પ્રભુ આગલા ત્રીજા ભવે જંબૂમહાવિદેહમાં પુરુષસિંહ રાજપુત્રહતા. તે ત્યાં સમ્યક્ત્વ પામી દીક્ષા લઇ, વીશસ્થાનક આરાધી, તીર્થંકર નામકર્મ બાંધી, વૈજયંત વિમાનમાં દેવ થયા. ત્યાંથી વિનીતાપુરીનાં મેઘરાજાની મંગલારાણીના ઉદરમાં શ્રાવણ સુદિ બીજે આવ્યા. ચૌદ સ્વપ્ન સૂચિત પ્રભુ વૈશાખ શુદિ આઠમે જન્મ્યા. ક્રૌંચ લાંછનવાળા , સુવર્ણ કાંતિવાળા ત્રણસો ધનુષ્યની ઉંચાઇવાળા પ્રભુ દશ લાખ પૂર્વ કુમારપણે રહી, ઓગણત્રીશ લાખ પૂર્વ અને બારપૂર્વાંગ રાજ્ય ભોગવી, સાંવત્સરિક દાન આપી, વૈશાખ સુદિ નોમના એક હજાર રાજાઓ સાથે દીક્ષા લઇ, વીશ વર્ષ છદ્મસ્થ રહી, વિનીતાપુરીમાં ચૈત્ર શુદિ અગીઆરસે કેવળજ્ઞાન પામ્યા. ઘણા ભવી જીવોને તારી, બારપૂર્વાંગ ઓછા એક લાખ પૂર્વ વ્રત ધારણમાં, એવી રીતે ચાલીશ લાખ પૂર્વનું પૂર્ણ આયુષ્ય ભોગવી, એક હજાર મુનિઓ સાથે માસિક અનશન કરી સમેતશિખર ઉપર ચૈત્ર શુદિ નવમીના મોક્ષે ગયા. એ પ્રભુને ચમર આદિ એકસો ગણધરો સહિત ત્રણ લાખ વીશ હજાર સાધુઓ, પાંચ લાખ ત્રીસ હજાર સાદવીઓ, બે લાખ એક્યાશી હજાર શ્રાવકો અને પાંચ લાખ સોળ હજાર શ્રાવિકાઓ એટલો પરિવાર હતો. શાસનરક્ષક તુંબરુયક્ષ અને મહાકાલી યક્ષિણી હતાં.

■શ્રી પદ્મપ્રભુ સ્વામિ આગલા ત્રીજા ભવે ઘાતકીખંડ મહાવિદેહમાં અપરાજિત રાજા હતા. તે ત્યાં સમ્યક્ત્વ પામી દીક્ષા લઇ, વીશસ્થાનક આરાધી તીર્થંકર નામ કર્મ બાંધી નવમા ગ્રૈવેયકમાં દેવ થયા. ત્યાંથી કૌશાંબીપુરીમાં ઘરનામે રાજાની સુસીમારાણીના ઉદરમાં પોષ વદિ છઠના આવ્યા. ચૌદ સ્વપ્ન સૂચિત પ્રભુ આસો વદિ બારસે જન્મ્યા. કમલલાંછનવાળા, રક્તકમલ જેવી કાંતિવાળા, અઢીસો ધનુષ્ય ઉંચાઇવાળા પ્રભુ સાડા સાત લાખ પૂર્વ કુમારપણે રહી, સાડા એકવીશ લાખ પૂર્વ અને સોળ પૂર્વાંગ રાજ્ય ચલાવી, સાંવત્સરિક દાન દેઇ, એક હજાર રાજાઓ સાથે આસો વદિ તેરસે દીક્ષા લઇ, છ માસ છદ્મસ્થ રહી, ચૈત્ર સુદિ પુનમે કૌશાંબીમાં કેવળજ્ઞાન પામ્યા. ઘણા ભવીજીવોને તારી, સમેતશિખર પર સોળ પૂર્વાંગ ઓછા એક લાખ પૂર્વ દીક્ષા પર્યાયવાળા પ્રભુ ત્રીશ લાખ પૂર્વનું સર્વ આયુષ્ય ભોગવી ત્રણસો આઠ મુનીઓ સાથે અનશન કરી એક માસને અંતે કાર્તિક વદિ અગીઆરસે મોક્ષે ગયા. પ્રભુને સુવ્રત આદિ એકસો સાત ગણધરો સહિત ત્રણ લાખ ત્રીશ હજાર સાધુઓ, ચાર લાખ વીશ હજાર સાદવીઓ, બે લાખ છોંતેર હજાર શ્રાવકો અને પાંચ લાખ પાંચ હજાર શ્રાવિકાઓ એટલો પરિવાર હતો. શાસન રક્ષક કુસુમ યક્ષ અને અચ્યુતા યક્ષિણી હતાં.

■ શ્રી સુપાર્શ્વનાથ પ્રભુ આગલા ત્રીજા ભવે ઘાતકીખંડના મહાવિદેહમાં નંદિષેણ રાજા હતા. તે

ત્યાં સમ્યક્ત્વ પામી દીક્ષા લઈ, વીશસ્થાનક આરાધી તીર્થંકર નામ કર્મ બાંધી છટ્ઠા ગ્રૈવેયકમાં દેવ થયા. ત્યાંથી વારાણસીપુરીમાં પ્રતિષ્ઠ રાજાની પૃથ્વીરાણીના ઉદરમાં શ્રાવણ વદિ આઠમે આવ્યા. ચૌદ સ્વપ્ન સૂચિત પ્રભુ જેઠ શુદિ બારસે જન્મ્યા. સ્વસ્તિક લાંછનવાળા, સુવર્ણકાંતિવાળા બસો ધનુષની ઉંચાઇવાળા પ્રભુ પાંચ લાખ પૂર્વ કુમાર પણે રહી, ચૌદ લાખ પૂર્વ અને વીશ પૂર્વાંગ રાજ્ય પાળી, સાંવત્સરિક દાન આપી જેઠ શુદિ તેરસે એક હજાર રાજાઓની સાથે દીક્ષા લઇ નવ માસ છદ્મસ્થ રહી, મહાવદિ છઠ્ઠના વારાણસીમાં કેવળજ્ઞાન પામ્યા. અનેક ભવ્યાત્માઓને તારી, વીશ પૂર્વાંગ ઓછા એક લાખ પૂર્વ દીક્ષા પાળી, વીશ લાખ પૂર્વ સર્વ આયુષ્ય ભોગવી, સમેતશિખર ઉપર પાંચસો મુનિઓ સાથે એક માસનું અનશન કરી મોક્ષે ગયા. પ્રભુને વિદર્ભ આદિ પંચાણુ ગણધરો સહિત ત્રણ લાખ સાધુઓ, સોમા આદિ ચાર લાખ ત્રીશ હજાર સાધ્વીઓ, બે લાખ સત્તાવન હજાર શ્રાવકો, અને ચાર લાખ ત્ર્યાણું હજાર શ્રાવિકાઓ એટલો પરિવાર હતો. શાસન રક્ષક માતંગ યક્ષ અને શાંતા યક્ષિણી હતાં.